dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-328 | AD-2026, Shravan Sud -07 | Thursday, Dt.03-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પીગળતી હિમનદીઓથી વધ્યું ખતરાનું પ્રમાણ

## હિમાલયનાં ૯થી ૧૨ ગ્લેશિયર તળાવો ગંભીર સ્થિતિમાં

નવી દિલ્હી, તા.૦૨

નેપાળમાં ગ્લેશિયર તળાવ ફાટવાથી સર્જાયેલી વિનાશક દુર્ઘટનાની પૃષ્ઠભૂમિમાં હિમાલય ક્ષેત્રમાં વધી રહેલા ગ્લેશિયર તળાવોના જોખમ અંગે ચિંતા વધી છે. આઈઆઈટી મંડીના અભ્યાસમાં આશરે ૨૦૦ ગ્લેશિયર તળાવોના વિશ્લેષણ બાદ ૯થી ૧૨ તળાવો ગંભીર સ્થિતિમાં હોવાનું સામે આવ્યું છે.

પીગળતા હિમનદીઓના કારણે આ તળાવો સતત વિસ્તરી રહ્યાં છે અને ફાટવાની સ્થિતિમાં વ્યાપક વિનાશ સર્જાઈ શકે છે. આઈઆઈટી મંડીના સિવિલ એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ સ્કૂલના એસોસિયેટ પ્રોફેસર ડેરિક્સ પી. શુક્લાના જણાવ્યા મુજબ, હિમાચલ પ્રદેશમાં કેટલાક ગ્લેશિયર તળાવોના કદમાં છેલ્લા દાયકામાં ૩૦થી ૬૦ ટકાનો વધારો થયો છે.

તેના કારણે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (જીએલઓએફ)નું જોખમ વધી શકે છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે હિમાચલમાં ચાર તળાવને તાત્કાલિક ધ્યાન આપવા યોગ્ય ગણાવ્યા છે. તેમાં ઘેપન, વાસુકી, કાશાંગ અને બાસ્પા નજીકનું એક તળાવ સામેલ છે. આઈઆઈટી મંડીના અભ્યાસમાં ઘેપન, યોચે અને કાલી કુંડને સામાન્ય લોકો માટે વધુ જોખમી ગણાવવામાં આવ્યા છે.

શુક્લાએ જણાવ્યું કે હિમાલયમાં વધતું પ્રવાસન,



વાહનોની અવરજવર અને માનવ પ્રવૃત્તિઓથી ઉત્પન્ન થતી ધૂળ તથા કાર્બન હિમનદીઓ પર જમા થાય છે. બરફ પર પડતું આ કાળું પડ સૂર્યની ઊર્જા વધુ શોષી લે છે, જેના કારણે હિમનદીઓ ઝડપથી પીગળે છે.

હિમાલયમાં પર્માફ્રોસ્ટ પીગળવાથી પણ પર્વતીય વિસ્તારો અસ્થિર બની શકે છે. પરિણામે ભૂસ્ખલન સહિતની કુદરતી આફતોનું જોખમ વધે છે.

શુક્લાએ પર્વતીય વિસ્તારોમાં વિકાસ અને કનેક્ટિવિટી વધારવાના પ્રયાસોનું સ્વાગત કરતાં તેનું આયોજન પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલા વિનાશક પૂર બાદ આ અભ્યાસ વધુ મહત્વપૂર્ણ બન્યો છે. એક સંભવિત કારણ તરીકે હિમનદીનો ભાગ તૂટીને લહેન્ડે ખોલા નદીમાં પડવાથી કૃત્રિમ તળાવ બન્યું અને ત્યારબાદ તળાવ ફાટતાં પાણી ભોટેકોશી નદીમાં વહેતાં વિનાશક પૂર આવ્યું હોવાની થિયરી સામે આવી છે.

દરમિયાન, નેપાળમાં પૂર બાદ હાઈડ્રોપાવર પ્રોજેક્ટની કાદવથી ભરાયેલી ટનલોમાં ફસાયેલા લોકોને શોધવા અને બચાવવાના પ્રયાસો પણ ચાલી રહ્યા છે.

એ નોંધવું જોઈએ કે નેપાળમાં આપત્તિ પછી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સની ટનલમાં ફસાયેલા કામદારોને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

ઘણી ટનલ કાદવથી ભરેલી છે, જેમ કે ટૂથપેસ્ટથી ભરેલી નળી. આનો અર્થ એ છે કે ટનલની અંદર જીવતા ફસાયેલા લોકો માટે અથવા ડ્રોન માટે સરળતાથી નેવિગેટ કરવા માટે કોઈ જગ્યા બાકી નથી.

## ઉત્તરાખંડ તંત્ર દ્વારા રૂદ્રપુરમાં બે મદરેસાઓને સીલ કરવામાં આવ્યા

દહેરાદૂન, તા.૦૨

ઉત્તરાખંડમાં માન્યતા વિના ચાલતી મદરેસાઓ સામે વહીવટીતંત્રે કાર્યવાહી શરૂ કરી છે. રૂદ્રપુરમાં સોમવારે એક અને મંગળવારે વધુ એક મદરેસાને સીલ કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક મદરેસાને નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્ય લઘુમતી શિક્ષણ સત્તામંડળના અધ્યક્ષ ડૉ. સુરજીત સિંહ ગાંધીના જણાવ્યા મુજબ, નિર્ધારિત ધોરણો પૂર્ણ ન કરતી સંસ્થાઓનું રાજ્યવ્યાપી નિરીક્ષણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે ઉત્તરાખંડમાં મદરેસા બોર્ડની જૂની



વ્યવસ્થા સમાપ્ત થઈ ગઈ છે અને ૧ જુલાઈ, ૨૦૨૬થી રાજ્ય લઘુમતી શિક્ષણ સત્તામંડળની નવી વ્યવસ્થા અમલમાં આવી છે. નવી વ્યવસ્થાનો હેતુ બાળકોને તેમની ધાર્મિક ઓળખ જાળવી રાખવાની સાથે આધુનિક શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે. સત્તામંડળના જણાવ્યા અનુસાર, રાજ્યમાં કેટલીક મદરેસાઓએ હજુ સુધી માન્યતા મેળવવા માટે અરજી કરી નથી. આવી સંસ્થાઓ સામે નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે સરકારનો હેતુ મદરેસાઓ બંધ કરવાનો નથી, પરંતુ શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરીને બાળકોના ભવિષ્યને વધુ સુરક્ષિત બનાવવાનો છે. ડૉ. ગાંધીના જણાવ્યા મુજબ, તમામ મદરેસાઓએ નિર્ધારિત ધોરણો પૂર્ણ કરી શિક્ષણ વિભાગ પાસેથી માન્યતા મેળવવી જરૂરી છે. સરકારનો ઉદ્દેશ્ય સમાજના તમામ વર્ગોના બાળકોને ગુણવત્તાયુક્ત, આધુનિક અને સંસ્કારી શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. આગામી દિવસોમાં નિયમોનું પાલન ન કરતી સંસ્થાઓ સામે કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવી શકે છે.

## એસઆઈઆરને કારણે ભાજપને ફાયદો કરાવવા મતદાર યાદીમાં છેડછાડ થાય છે : કપિલ સિબ્બલ

રાંચી, તા.૦૨

રાજ્યસભા સાંસદ અને જાણીતા વકીલ કપિલ સિબ્બલે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને લઈને ફરી ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે આ પ્રક્રિયા મતદાર યાદીમાં છેડછાડનું માધ્યમ બની શકે છે અને ભાજપને તેનો રાજકીય લાભ મળી શકે છે તેવો આક્ષેપ કર્યો છે. સિબ્બલે જણાવ્યું કે એસઆઈઆર દરમિયાન કોઈ વ્યક્તિ અથવા રાજકીય પક્ષનો કાર્યકર મતદાર યાદીમાં સમાવિષ્ટ વ્યક્તિ સામે વાંધો



ઉઠાવી શકે છે અને તે વ્યક્તિ સંબંધિત વિસ્તારમાં રહેતી નથી તેમ કહી તેનું નામ કાઢવાની માંગ કરી શકે છે.

તેમના જણાવ્યા મુજબ, મોટી સંખ્યામાં ફોર્મ-૭ ભરવામાં આવે તો મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. તેમણે દાવો કર્યો કે કેટલાક વિસ્તારોમાં એસઆઈઆર દરમિયાન મુસ્લિમ મતદારોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના કિસ્સા સામે આવ્યા છે. તપાસમાં કેટલાક એવા લોકોના નામ સામે આવ્યા હતા, જેમના પરિવારો પેઢીઓથી સંબંધિત વિસ્તારોમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું.

તેમ છતાં તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાની માંગ કરવામાં આવી હોવાનો સિબ્બલે દાવો કર્યો હતો. સિબ્બલે કહ્યું કે ઝારખંડમાં વિપક્ષની સરકાર હોવાથી અહીં દબાણ કરવું મુશ્કેલ છે, પરંતુ ભાજપ શાસિત રાજ્યોમાં પ્રક્રિયાનો મનસ્વી ઉપયોગ થતો હોવાનો તેમણે આક્ષેપ કર્યો. તેમણે સવાલ ઉઠાવ્યો કે જો મતદાર યાદી સાથે આવી રીતે ચેડાં થશે તો ચૂંટણીની નિષ્પક્ષતા પર કેવી રીતે વિશ્વાસ રાખી શકાય? તેમણે કોર્ટને પણ આ મુદ્દાને ગંભીરતાથી સમજવાની અપીલ કરી અને એસઆઈઆર પ્રક્રિયા વિવાદાસ્પદ બની શકે તેવી ચિંતા વ્યક્ત કરી.

### દિલ્હીમાં ચાલતી બસમાં ધૃણાસ્પદ કૃત્ય કરનાર આરોપીઓ સામે કડક સજાની માંગ

## સગીરા સાથે સામૂહિક દુષ્કર્મની મહિલા આયોગે આકરી ટીકા કરી

નવી દિલ્હી, તા.૦૨

દિલ્હી-એનસીઆરમાં ચાલતી બસમાં ૧૬ વર્ષની સગીરા સાથે થયેલા સામૂહિક બળાત્કારની ઘટનાની રાષ્ટ્રીય મહિલા આયોગે આકરી નિંદા કરી છે. આયોગના અધ્યક્ષ વિજયા કિશોર રહાતકરે જણાવ્યું કે આરોપીઓને કડકમાં કડક સજા મળવી જોઈએ, જેથી ભવિષ્યમાં આવા ગુના કરતા લોકોમાં કાયદાનો ભય રહે.



રહાતકરે કહ્યું કે ગુનાખોરી રોકવાની જવાબદારી માત્ર સરકાર અને પોલીસની નથી, પરંતુ સમાજની માનસિકતા બદલવાની પણ જરૂર છે. ગંભીર ગુનો કરનાર વ્યક્તિ સામે સામાજિક દબાણ ઊભું થવું જોઈએ અને સમાજે આવા લોકોને સ્વીકારવા નહીં જોઈએ. તેમણે પોલીસની કાર્યવાહી પર નજર રાખવાની સાથે સમગ્ર સમાજે સામૂહિક પ્રયાસ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ગ્રેટર નોઈડામાં પરી ચોક નજીક ૪ ઓગસ્ટે ખાલી બસમાં સગીરા પર ડ્રાઈવર અને કંડક્ટરે સામૂહિક બળાત્કાર કર્યો હતો. પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપીઓએ તેનું જાતીય શોષણ કર્યું અને વિરોધ કરવા બદલ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપીઓ તેને દિલ્હીના કાશ્મીરી ગેટ પાસે ઉતારી ફરાર થઈ ગયા હતા. પોલીસે ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી છે. પીડિતા ઉત્તર પ્રદેશના મૈનપુરીની રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું છે. તે નોઈડાના સેક્ટર-૬૩માં રહેતા પિતરાઈ ભાઈ પાસે જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી.

## મહિપાલ મકરાણાની ભાજપને મત ન આપવાની અપીલથી રાજસ્થાનના રાજકારણમાં ગરમાવો

જયપુર, તા.૦૨

રાજસ્થાનમાં ૩૦૯ મ્યુનિસિપલ સંસ્થાઓની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી રહ્યો છે. દરમિયાન રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય પ્રમુખ મહિપાલ સિંહ મકરાણાનું ભાજપને મત ન આપવાના શપથનું નિવેદન ચર્ચામાં આવ્યું છે. જયપુરમાં યુજીસીના નવા નિયમના વિરોધમાં યોજાયેલી રેલીમાં તેમણે ભગવાન રામ અને પરશુરામના નામે લોકોને ભાજપને મત ન આપવાની શપથ લેવડાવી હતી.

મકરાણાએ કરણી સેનાના કાર્યકરોને ઘરે-ઘરે જઈ ભાજપના બહિષ્કાર માટે અપીલ કરવાની પણ વાત કરી હતી.










# સા.કુંડલામાં અનિયમિત વીજપુરવઠાથી પાંચથી વધુ ગામોના ખેડૂતોએ PGVCL કચેરીએ રામધૂન બોલાવી

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં વરસાદમાં વિલંબ થતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. સાવરકુંડલા પંથકમાં સમયસર વીજળી ન મળતા ખેડૂતોની ધીરજ ખૂટી ગઈ હતી. ખેતરોમાં પાણી આપવા માટે પૂરતો પાવર ન મળતા પાંચથી વધુ ગામોના ખેડૂતો સાવરકુંડલા PGVCL ડિવિઝન કચેરીએ પહોંચ્યા હતા અને રામધૂન


તસવીર : સૌરભ દોશી

બોલાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.થોરડી, આદસંગ, દેતડ, આગરિયા અને આંબરડી સહિતના ગામોના ખેડૂતો આંદોલનમાં જોડાયા હતા. વરસાદના અભાવે પાક સુકાઈ રહ્યો છે ત્યારે અનિયમિત વીજપુરવઠાથી ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ખેડૂત મહેશ ચોડવડિયાના જણાવ્યા મુજબ આંબરડી ૬૬ KVમાંથી નીકળતા થોરડી AG ફીડર પર અંદાજે ૫૬૦ વીજ ગ્રાહકો જોડાયેલા હોવાથી ઓવરલોડની સમસ્યા સર્જાય છે. ખેડૂતો દ્વારા નિયમિત અને પૂરતો વીજપુરવઠો આપવા માંગ કરવામાં આવી છે.

# બગસરાના પીઠડીયા ગામે કલેક્ટરે ગ્રામ પંચાયતના રેકોર્ડની ચકાસણી કરી

અમરેલી, તા.૦૨

પીઠડીયા ગામે આજે અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, બગસરા પ્રાંત અધિકારી નંદા, મામલતદાર પરમાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓએ મુલાકાત લીધી હતી. અધિકારીઓએ પીઠડીયા ગ્રામ પંચાયતની મુલાકાત દરમિયાન વિવિધ રેકર્ડની ચકાસણી કરી હતી. ત્યારબાદ શાળાની મુલાકાત લઈ શાળા સ્ટાફ, મધ્યાહન ભોજન વ્યવસ્થા તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા અંગે જરૂરી



ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આંગણવાડીની મુલાકાત લઈ ત્યાંની કામગીરી અંગે માહિતી મેળવવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન સ્ટાફની હાજરી, ઉપલબ્ધ દવાઓ તેમજ વિવિધ રજીસ્ટરની ચકાસણી કરવામાં આવી હતી. અધિકારીઓએ સરપંચ, તાલુકા પંચાયતના સદસ્ય તથા ગ્રામ પંચાયતના સભ્યો સાથે પણ મુલાકાત કરી હતી. આ પ્રસંગે ગ્રામજનો દ્વારા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને પ્રાંત અધિકારી નંદાનું પુષ્પોથી સન્માન કરવામાં આવ્યું હતું.

# બગસરામાં માલધારીની હાજરીમાં સિંહે બકરાનો શિકાર કરતા ફફડાટ

અમરેલી,તા.૦૨



બગસરાના ગૌચર વિસ્તારમાં દિવસે સિંહોએ બકરાનું મારણ કરતા માલધારી સમાજમાં ભયનો માહોલ ફેલાયો છે.

માલધારીની હાજરીમાં જ સિંહોએ બકરાનો શિકાર કર્યો હોવાનું સામે આવ્યું છે. છેલ્લા ૧૫ દિવસથી આ વિસ્તારમાં ૫ સિંહોનો સમૂહ સક્રિય છે અને આ સમૂહ અત્યાર સુધીમાં કુલ ૭ બકરાનો શિકાર કરી ચૂક્યો છે.

ઘટનાથી સ્થાનિક માલધારીઓમાં ચિંતા વધી છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી કાંતિભાઈ વઘાસીયા પરિવાર દ્વારા ૨૦૦ પરિવારોને રાશનકિટ અપાઈ

અમરેલી, તા.૦૨

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી લા. કાંતિભાઈ વઘાશીયા પરિવાર તરફથી જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલડા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડ



ખાસ હાજર રહ્યા હતા અને પ્રેરક પ્રવચન આપ્યું હતું. આ સેવા યજ્ઞમાં છગનભાઈ વઘાસીયા, બાબુભાઈ વઘાસીયા, ભરતભાઈ વઘાસીયા, અવધેશ બાપુ, સરપંચ ભરતભાઈ ગોંડલીયા, ઉપસરપંચ વિઠ્ઠલભાઈ સોરડીયા, લાયન પ્રમુખ જતીનભાઈ સુખડીયા, લા. કાંતિભાઈ વઘાસીયા, લા. રાજુભાઈ પરિખ, લા. ગોરધનભાઈ માદળીયા, લા. બકુલભાઈ ભટ્ટ, લા. નનુભાઈ તળાવીયા, લા. વિજયભાઈ રાદડીયા, લા. મેહુલભાઈ બાબરીયા તેમજ લા. હરેશભાઈ ધોરાજીયા ઉપસ્થિત રહી સેવા આપી હતી.

# અમરેલીની અજમેરા સ્કૂલના કેતન જોશીની રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લા તથા સમગ્ર સૌરાષ્ટ્ર માટે ગૌરવના સમાચાર છે. માધ્યમિક વિભાગમાં સૌરાષ્ટ્ર ઝોનના નવ જિલ્લાઓમાંથી રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ થયેલા બે શિક્ષકોમાં અજમેરા સ્કૂલના કેતનકુમાર પ્રવીણચંદ્ર જોશીનો સમાવેશ થયો છે. તેઓ સતત ત્રીજા વર્ષે રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામ્યા



છે. ૪ સપ્ટેમ્બરે શિક્ષણમંત્રી સાથે ગોષ્ઠીમાં જોડાશે, જ્યારે ૫ સપ્ટેમ્બરે ગાંધીનગર ખાતે સન્માનિત થશે.

# અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ૧૭ બેઠકો માટે ચૂંટણી જાહેર

અમરેલી,તા.૦૨

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨ના નિયમ-૧૯ હેઠળ પ્રાપ્ત સત્તાના આધારે પ્રાંત અધિકારી અને ચૂંટણી સત્તાધિકારી દ્વારા અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની કુલ ૧૭ બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. ઉમેદવારી પત્રો ૧૧ સપ્ટેમ્બર સુધી બપોરે ૩ વાગ્યા સુધી અમરેલી ગ્રામ્ય મામલતદાર કચેરીએ ભરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૪ સપ્ટેમ્બરે સવારે ૧૧ વાગ્યાથી થશે. માન્ય ઉમેદવારોની યાદી ૧૬ સપ્ટેમ્બરે પ્રસિધ્ધ કરવામાં આવશે, જ્યારે ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ મુદત ૧૭ સપ્ટેમ્બર બપોરે ૩ વાગ્યા સુધી રહેશે. અંતિમ યાદી ૧૮ સપ્ટેમ્બરે જાહેર થશે. મતદાન ૨૮ સપ્ટેમ્બરે સવારે ૯થી બપોરે ૩ વાગ્યા સુધી કલેક્ટર કચેરી ખાતે યોજાશે અને મતગણતરી ૩૦ સપ્ટેમ્બરે થશે.

# સાવરકુંડલામાં પત્ની છ મહિનાથી રિસામણે જતાં એકલવાયું લાગતાં યુવકે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલામાં પત્ની છ મહિનાથી રિસામણે જતાં એકલવાયું લાગતાં યુવકે ગળાફાંસો ખાધો હતો. આ અંગે સુનિલભાઈ કાંતિભાઈ ચીભડીયા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ,રમણીકભાઈ કાંતિભાઈ ચીભડીયા (ઉ.વ.૩૬)ના પત્નિ છેલ્લા છ મહિનાથી રિસામણે જતા રહ્યા હતા. જેના કારણે ઉદાસ રહેતા હોવાથી એકલવાયુ જીવન જીવતા હતા. આ કારણે મનોમન લાગી આવતા ગળાફાસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા નાગરીક સહકારી મંડળી શાખા ચલાલા લોન બાકીદારને એક વર્ષની સજા

ચલાલા,તા.૦૨

ચલાલા ખાતે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની શાખામાંથી વિપુલભાઈ ખોડાભાઈ પરમારે રૂ.૫૦ હજારની લોન લીધી હતી. લોનની રકમ સમયસર નહીં ચૂકવતા વસૂલાત પેટે રૂ.૬૪,૭૦૧નો ચેક આપ્યો હતો. ચેક અપૂરતા



બેલેન્સના કારણે પરત ફરતાં મંડળી દ્વારા નોટિસ બાદ અમરેલી કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કેસ દરમિયાન મંડળી તરફથી એડવોકેટ ચંદ્રેશભાઈ બી. મહેતા અને અશોક બી. વાળાએ દલીલો કરી હતી. કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની સંપૂર્ણ રકમ મંડળીને ચૂકવવાનો હુકમ કર્યો છે.

# રાજુલાના કડિયાળી ગામે સોશિયલ મીડિયામાં ફોટા મૂકવાના મનદુખમાં બઘડાટી બોલી

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા. ૦૨

રાજુલાના કડિયાળી ગામે સોશિયલ મીડિયામાં ફોટા મૂકવાના મનદુખમાં બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી.સોમાતભાઈ અરજણભાઈ વાઘેલા (ઉં.વ.૪૦) એ ભાવેશભાઈ ભોળાભાઈ મકવાણા, મુકેશભાઈ ભોળાભાઈ મકવાણા, હિરલબેન મુકેશભાઈ તથા રેખાબેન પ્રકાશભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આજથી આઠેક મહિના પહેલાં તેમનો દીકરો તથા પાયલબેન પ્રકાશભાઈ મકવાણા વાતો કરતા હતા, જેની જાણ પાયલબેનના પિતા તથા કાકાને થઈ ગઈ હતી. જેથી રેખાબેન પ્રકાશભાઈ તેમના ઘરે ઠપકો દેવા આવ્યા હતા, જેમાં ઘરમેળે બંને વચ્ચે સમાધાન થઈ ગયું હતું.આ બાબતનું મનદુખ રાખી ભાવેશભાઈએ તેમના દીકરાને એક ઝાપટ મારી દીધી હતી. જેથી તેઓ તથા તેમનાં પત્ની ભાવેશભાઈને ઠપકો દેવા જતાં હતાં, ત્યાં ઘરની શેરીમાં ભાવેશભાઈ, મુકેશભાઈ, હિરલબેન તથા રેખાબેન આવીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. ભાવેશભાઈએ પોતાની પાસે રહેલ લોખંડની પાઈપનો એક ઘા તેમના પગના પંજા પર તથા મુકેશભાઈએ લાકડાના બળદિયા વડે ડાબા હાથના કાંડા પર તથા બીજો ઘા વાંસાના ભાગે મારી તેમને પાડી દીધા હતા. આ સમયે તેમનાં પત્ની તથા દીકરો વચ્ચે પડતાં તેમનાં પત્ની મંજુબેનને ડાબા પગના સાથળ પર તથા ડાબા પગની ઘૂંટી પર ભાવેશભાઈએ પાઈપ માર્યો હતો. તેમના દીકરાને ભાવેશભાઈએ પાઈપ વડે બંને પગના સાથળના ભાગે તથા શરીર પર ઢીકાપાટુનો માર માર્યો હતો. બંને સ્ત્રીઓએ પણ તેમને ઢીકાપાટુનો માર મારી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ભાવેશભાઈ તથા મુકેશભાઈએ "જ્યાં મળશો ત્યાં પતાવી દેશું" તેવી ધમકી આપી હતી.

જે બાદ ભાવેશભાઈ ભોળાભાઈ મકવાણા (ઉં.વ.૩૦)એ તુષારભાઈ સોમાભાઈ વાઘેલા, સોમાતભાઈ અરજણભાઈ વાઘેલા તથા મંજુબેન સોમાતભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. તુષારભાઈ વાઘેલા તેમના મોટા ભાઈની દીકરી પાયલબેનના ફોટા ઈન્સ્ટાગ્રામમાં મૂકતો હતો, જેથી તેમણે ફોટા નહીં મૂકવાનું સમજાવ્યું હતું.જે વાતનું મનદુઃખ રાખી તુષારભાઈ તથા તેના પિતા સોમભાઈ અને માતા મંજુબેન તેમના ઘર પાસે આવી શેરીમાં જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા. તેવામાં તુષારભાઈએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકાનો એક ઘા માથાની ડાબી બાજુ મારી બે ટાંકા આવે તેવી ઈજા કરી હતી, તેમજ બીજો ઘા જમણા હાથના અંગૂઠા પર મારી સાત-આઠ ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી. તેમના ભાભી રેખાબેન વચ્ચે આવતાં તેમને પણ ડાબા હાથની કોણીના નીચેના ભાગે મૂંઢ ઈજા થઈ હતી. તેમજ સોમભાઈએ "જ્યાં મળશો ત્યાં જીવતા નહીં રહેવા દઉં" તેવી ધમકી આપી હતી.મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંજાળા વધુ તપાસ કરી રહ્યા છે.

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ PTC મહિલા કોલેજ અમરેલી
(સંકુલની ગુજરાતી મિડીયમ PTC કોલેજ - પ્રવેશ મળશે)
શ્રીમતી સી. જી. ઝાલાવાડીયા PTC મહિલા કોલેજ અમરેલી
(સંકુલની ઈંગ્લીશ મિડીયમ PTC કોલેજ - પ્રવેશ મળશે)
★ કોલેજ પસંદગીનું શેડયુલ સરકારશ્રી દ્વારા ટુંક સમયમાં જાહેર થશે.
★ B.Ed. - M.Ed. - PTC કોલેજ ચલાવવાનો વર્ષોનો અનુભવ ધરાવતુ સંકુલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad127

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલીમાં જન્માષ્ટમી નિમિત્તે ભગવાન કૃષ્ણના ગોવર્ધન દર્શનનો ભવ્ય ફ્લોટ ખુલ્લો મુકાયો

અમરેલી, તા. ૦૨

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા જન્માષ્ટમી-૨૦૨૬ નિમિત્તે અમરેલીના સિનિયર સિટીઝન પાર્ક ખાતે ભગવાન કૃષ્ણના ગોવર્ધન દર્શનનો અતિ ભવ્ય ફ્લોટ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આકર્ષક ફ્લોટના દર્શન માટે અમરેલીની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને ભગવાન



કૃષ્ણના દર્શનનો લાભ લીધો હતો.કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાધુ-સંતો, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ગજેરા, પ્રદેશ મંત્રી મજબૂતભાઈ બસિયા, શીતલ આઈસક્રીમના દિનેશભાઈ ભુવા, અમરેલી વેપારી મંડળના આગેવાનો, નગરપાલિકાના સભ્યો તેમજ અમરેલીના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ મહાઆરતીનો લાભ લઈ ધાર્મિક વાતાવરણમાં કાર્યક્રમને ભવ્ય બનાવ્યો હતો.

# બગસરામાં પ્રવિણભાઈ તોગડિયાનું ભવ્ય સન્માન કરાયુ, હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા અપીલ

બગસરા, તા.૦૨

બગસરા અંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડિયા બગસરાની મુલાકાતે આવતા નગરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વિવિધ સામાજિક, ધાર્મિક અને અગ્રણી સંસ્થાઓ દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ભવ્ય



સ્વાગત કરવામાં આવ્યું હતું. કનુભાઈ વ્યાસના નિવાસસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી.સંબોધનમાં ડો. તોગડિયાએ હિન્દુ સમાજની એકતા અને સનાતન ધર્મની મજબૂતી પર ભાર મૂક્યો હતો. તેમણે દરેક વિસ્તારમાં હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા તેમજ જરૂરિયાતમંદો માટે અન્નદાનની પ્રવૃત્તિઓ વધારવા આહ્વાન કર્યું હતું. તબીબોને રોજ એક ગરીબ દર્દીની વિનામૂલ્યે તપાસ કરવા તથા ફ્રી બ્લડ પ્રેશર અને શુગર ચેકઅપ કેમ્પ યોજવા પણ અપીલ કરી હતી.

# અમરેલી કલેક્ટર કચેરી આસપાસ ધરણા-સભા પર પ્રતિબંધ

અમરેલી,તા.૦૨

અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.એ. ડોડિયા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. કલેક્ટર કચેરી અમરેલી કેમ્પસ તથા તેની આસપાસ ૫૦ મીટરની ત્રિજ્યામાં ઉપવાસ, ધરણા, કાર્યક્રમો અને સભાઓ યોજવા પર પ્રતિબંધ રહેશે. જાહેર સુલેહ-શાંતિ જોખમાય તેવા સૂત્રોચ્ચાર કરવા તેમજ અફવાઓ ફેલાવવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. કોઈ વ્યક્તિ લાઠી કે ઈજા પહોંચાડે તેવા હથિયાર સાથે પ્રવેશ કરી શકશે નહીં. વિસ્ફોટક, જ્વલનશીલ અથવા ઝેરી પદાર્થ રાખવા પર પણ પ્રતિબંધ રહેશે. હુકમ તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ધારી તાલુકાના લેનપરા ખાતે 'વીર હિન્દ વિજેતા હિન્દુ' સભાનું ભવ્ય આયોજન કરાયું

અમરેલી,તા.૦૨

ધારી તાલુકાના લેનપરા ગામે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા 'વીર હિન્દ વિજેતા હિન્દુ' સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રવીણભાઈ તોગડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન હિન્દુ સમાજમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ સમાજના વિવિધ વર્ગોને એકતાના સૂત્રમાં જોડવાના પ્રયાસો



કરવામાં આવ્યા હતા.સભામાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિવિધ આગેવાનો અને કાર્યકરોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે લાલભાઈ અંટાળા, ખોડભાઈ ભુવા, લાલભાઈ વેકરિયા, ધારી બ્રહ્મ સમાજના પ્રમુખ રાજેશભાઈ દવે, જીતુભાઈ જયસ્વાલ અને શરદભાઈ કંસારા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સભા દરમિયાન હિન્દુ સમાજની એકતા, સંગઠનની શક્તિ અને સામાજિક સમરસતા અંગે ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સભાને સફળ બનાવી હતી.

# સા.કુંડલામાં કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરનો ૯૮મો વાર્ષિક ઉત્સવ શરૂ

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલા શહેરના મહુવા રોડ સ્થિત કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરનો ૯૮મો વાર્ષિક ઉત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી રહી છે. વર્ષ ૧૯૨૮-૨૯થી ચાલી આવતી જન્માષ્ટમી ઉત્સવની પરંપરા અંતર્ગત ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમો યોજાશે. પ્રથમ દિવસે સંગીત સંધ્યા, બીજા દિવસે નવા શૈક્ષણિક વિભાગોનું લોકાર્પણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અને ત્રીજા દિવસે પરંપરાગત વ્યાયામના પ્રયોગો યોજાયા હતા. તા. ૩ સપ્ટેમ્બરે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે વિવિધ શૈક્ષણિક અને સુવિધાલક્ષી વિભાગોનું લોકાર્પણ કરવામાં આવશે. કાર્યક્રમોમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ત્રણ દિવસીય ઉત્સવને લઈને સંસ્થા દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

# સા.કુંડલાના વેપારી સાથે મોટા નફાની લાલચ આપી રૂ. ૫.૨૫ લાખની ઓનલાઈન ઠગાઈની ફરિયાદ

સાવરકુંડલા, તા. ૦૨

સાવરકુંડલાના એક વેપારી સાથે રૂ. ૫.૨૫ લાખની ઓનલાઈન ઠગાઈ થઈ છે. આ બનાવ અંગે રઘુવંશીપરામાં રહેતા નિતીનભાઈ પરશોત્તમભાઈ તલસાણીયા (ઉં.વ.૪૭)એ રાજસ્થાનના અનીશસિંહ ઠાકુર સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, આરોપીએ વેપારીને મોટા નફાની લાલચ આપી હતી.

ત્યારબાદ તેમની પેઢીના બેંક ખાતામાંથી વિવિધ ક્યૂઆર (QR) કોડ મારફતે ઓનલાઈન ટ્રાન્સફર કરાવી કુલ રૂ. ૫,૨૪,૬૧૦ની ઠગાઈ આચરી હતી.

# ઈન્સ્ટાગ્રામ પર ભેંસ વેચવાની જાહેરાત મૂકનારા પશુપાલક સાથે રૂ. ૬૬ હજારની છેતરપિંડી

લીલીયા, તા. ૦૨

સોશિયલ મીડિયાના માધ્યમથી પશુ વેચાણની જાહેરાત મૂકનારા પશુપાલક ઠગબાજોની જાળમાં ફસાયા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. લીલીયા તાલુકાના ક્રાંકચ ગામના પશુપાલકે ઈન્સ્ટાગ્રામ પર મૂકેલી ભેંસ વેચાણની જાહેરાતના આધારે બે ગઠિયાઓએ ભેંસ ખરીદી લીધા બાદ રૂ. ૬૬ હજાર ન ચૂકવી છેતરપિંડી આચરતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે ક્રાંકચ ગામના પશુપાલક કરણભાઈ ચંપુભાઈ માલા (ઉ.વ.૨૨)એ વેજાભાઈ હરણ (રહે. જૂનાગઢ) તથા ભાવેશભાઈ ભારાઈ (રહે. માડાસણ, તા. જામજોધપુર) સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, કરણભાઈએ ગત ૨૪ જુલાઈના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર ભેંસ વેચવા અંગેની જાહેરાત સાથે પોતાનો મોબાઈલ નંબર મૂક્યો હતો. આ જાહેરાત જોઈને એક શખ્સે ફોન કરી ભેંસ ખરીદવાની ઈચ્છા દર્શાવી હતી. બંને વચ્ચે રૂ. ૧,૨૧,૦૦૦માં સોદો નક્કી થયો હતો અને ખરીદનારે ભેંસ જૂનાગઢ ખાતે મોકલી આપવા જણાવ્યું હતું.બીજા દિવસે પશુપાલકે વાહન ભાડે કરી ભેંસને જૂનાગઢ ખાતે જણાવેલા સરનામે મોકલી આપી હતી. જોકે, ત્યાં ખરીદનાર હાજર ન હતો અને પોતે હોસ્પિટલના કામે બહાર હોવાનું જણાવી પોતાના એક સંબંધી મારફતે ભેંસ મકાને ઉતરાવી લીધી હતી. તે સમયે સંબંધીએ માત્ર રૂ. ૧૫,૦૦૦ આપ્યા હતા, જેમાંથી રૂ. ૫,૦૦૦ વાહન ભાડા પેટે ચૂકવાયા હતા. બાકી નીકળતા રૂ. ૧,૧૧,૦૦૦ અંગે મુખ્ય ખરીદનારે વાયદાઓ કરી પાછળથી રૂ. ૪૫,૦૦૦ ચૂકવ્યા હતા.આમ, કુલ રૂ. ૧,૨૧,૦૦૦ની કિંમત સામે માત્ર રૂ. ૫૫,૦૦૦ જ ચૂકવી, બાકી નીકળતા રૂ. ૬૬,૦૦૦ માટે બંને શખ્સો વાયદા કરતા રહ્યા હતા. આખરે બાકી રકમ માટે સંપર્ક કરતાં બંને શખ્સોના મોબાઈલ ફોન સ્વિચ ઑફ આવવા

**લીલીયાના ક્રાંકચ ગામના ખેડૂત સાથે વિશ્વાસઘાત**

લાગ્યા હતા. પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં પશુપાલકે બંને શખ્સો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૬ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં પોલીસે ૩ સ્થળેથી ૧૬ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. ધારીમાં કુબડા જવાના રસ્તે પુલ નીચેથી પાણીયા ગામનો યુવક ૧૦ લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો. જાફરાબાદના નાના લોઠપુરના યુવક પાસેથી ૪ લીટર તથા ભૂખળી સાથળીથી બરવાળા ગામ વચ્ચે વડીયાનો યુવક ૨ લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૦ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં મળી આવ્યા હતા.












## જાહેર નોટીસ

આથી હું નિચે સહી કરનાર એડવોકેટ કેતન પી. વૈયાટા એ લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ. કે, મારા પાસેથી મારા અસીલ શ્રી દિલીપભાઈ વલ્લભભાઈ સિંધવ રહે. ગામ-જલાલપુર, તા. ગઢડા, જી.બોટાદ વાળાની મિલ્કત કે જેનુ વર્ણન નિચે પ્રમાણે છે.

જલાલપર ગામે ગ્રામ પંચાયત કચેરી જલાલપર ગામની હદમાં આવેલ રહેણાંક મિલ્કત જેની વિગત નિચે પ્રમાણે છે. "જલાલપર ગામ" મા આવેલ રહેણાંક હેતુ માટેની બિનખેતીમાં ફેરવાયેલ પ્લોટની જમીન. બિનખેતી રે.સ.નં. ૧૯૬/૨ અને ૧૯૬/૩, પૈકી ખુલ્લા પ્લોટ નં. ૧, જેના ૩૪૨.૦૦ ચો.મી. એટલે કે ૪૦૯.૦૩ ચો.વાર, રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૪૧૦/૨૦૨૪, તા. ૨૫/૭/૨૦૨૪, સબ રજીસ્ટ્રાર ઓફીસ ગઢડા ખાતે નોંધાયેલ છે.

ઉપરોકત મિલ્કત અમારા અસીલ શ્રી દિલીપભાઈ વલ્લભભાઈ સિંધવ એ ૧. પ્રવિણભાઈ જીવરાજભાઈ કાછડીયા, ૨. મનુભાઈ જીવરાજભાઈ કાછડીયા, ૩. સુરેશભાઈ જીવરાજભાઈ કાછડીયા બધા રે. જલાલપુરલ હાલ બધા સુરત., નં.૨ થી ૩ ના કુલમુખત્યાર દરરજે નં.૧ નાને સદરહું કુલ મુખત્યારનામું નોટરાઈઝડ વકિલ શ્રી જશવંતરાય એમ. શેઢ મું. ગઢડા સમક્ષ રજી. નં. ૧૦/૨૦૨૦, તા. ૧/૧૦/૨૦૨૦ નોટરી રજીસ્ટર થયેલ છે. જે રજી. કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતુ. તેઓએ આ મિલ્કત સંદર્ભ અમારી પાસે ટાઈટલ કલીયર રિપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈશમ/વ્યકિતનું કે કોઈ પણ નાણાકિય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલુ હોય, કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય, અથવા તો ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ કર્યા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયા ને દિન-૭ માં લેખિત આધાર પુરાવા સાથે નિચે જણાવેલ સરનામે રજી.એડી.પોસ્ટથી જણાવવુ, અન્યથા તે અંગે કોઈ હરકત, વાંધો, તકરાર,સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ રિપોર્ટ/એન.ઓ.સી. ઈશ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈજ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોધ લેવી.

તારીખઃ-૦૨/૦૯/૨૦૨૬
અમરેલી.
બ્લોક નં.૪, "જય નાગનાથ" શેરી નં.૧,
રોયલપાર્ક, લાઠી રોડ અમરેલી.
મો-૯૩૫૭૫૭૦૧૧૬

**કેતન પી. વૈયાટા**
**એડવોકેટ**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ નં. ૬૮ / ૨૦૨૬ — તા. ૩૦/૦૬/૨૦૨૬

શ્રી ઈસુબભાઈ જમાલભાઈ કુરેશી
રહે. જીવાપરા, વિસાવદર તા. વિસાવદર

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા. વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ઈસુબભાઈ જમાલભાઈ કુરેશી, રહે. જીવાપરા, વિસાવદર તા. વિસાવદરએ તેમનો જન્મ તા. ૦૮/૧૦/૧૯૬૨ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા. વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૦ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | હુકમથી |
| --- | --- |
| સહી. | સહી. |
| (પી.વી.શિંગડીયા) | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | વિસાવદર |




# અમરેલી ગજેરા સંકુલ સંચાલિત PG કોલેજની વિદ્યાર્થિનીઓએ સિટી પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

**પોલીસ પાસેથી ગુનેગારોને પકડવાની પ્રક્રિયા અંગે માહિતી મેળવી**



અમરેલી,તા.૦૨

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આવેલી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ કોલેજ હોસ્ટેલ, અમરેલીની PG કોલેજની વિદ્યાર્થિનીઓએ સિટી પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓને પોલીસ તંત્રની કામગીરી, ગુનાની તપાસ તથા ગુનેગારોને પકડવાની પ્રક્રિયા અંગે માહિતી આપવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, સાયબર ક્રાઈમ અને ઓનલાઈન પ્રવૃત્તિઓ સંદર્ભે સાવચેત રહેવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# બગસરા ખાતે સરદાર પટેલ શ.સ.મંડળીની વાર્ષિક સાધારણ સભા તા.૨૦ના રોજ યોજાશે

**મંડળી બાબતે કોઈ માહિતી જોઈતી હોય તો ૭ દિવસ પહેલા લેખિત જાણ કરવાની રહેશે**

બગસરા,તા.૦૨

બગસરા ખાતે સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. ની ૧૭મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૨૦-૯-૨૦૨૬ ને રવિવારના દિવસે સવારે ૯-૦૦ વાગ્યે પટેલવાડી, ગોકુલપરા બગસરા ખાતે રાખવામાં આવેલ છે. મંડળીના ચેરમેન કીરીટ ડી. નળીયાધરા અને જનરલ મેનેજર જયદીપ બી. હિરપરા દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ સભામાં ગયા વર્ષની કાર્યવાહી નોંધને બહાલી આપવા, ૨૦૨૫/૨૬ના હિસાબો, નફા-નુકસાન પત્રક અને ૩૧-૩-૨૦૨૬નું સરવૈયું મંજુર કરવા, તેમજ આગામી વર્ષ ૨૦૨૬/૨૭નું અંદાજ પત્ર મંજુર કરવાનો છે. આ સિવાય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ભલામણ કરેલ નફાની ફાળવણી, ધીરાણ વસુલાત, ઓડીટ રીપોર્ટ અને સભાસદ મૃત્યુ સહાય યોજનાને બહાલી આપવા બાબતે પણ કામ હાથ ધરાશે. મંડળીના રોકાણ, વ્યવસ્થાપક કમિટીની સમીક્ષા તથા નવી કમિટીની રચના માટે ચર્ચા થશે. હિસાબો અંગે કોઈ ખુલાસો જોઈતો હોય તો સભા મળવાના સાત દિવસ પહેલા લેખિત જાણ કરવાની રહેશે. કોરમ નહી થાય તો અડધા કલાક બાદ સભા મળશે અને સભાસદોએ ઓળખ કાર્ડ ફરજીયાત સાથે લાવવાનું રહેશે.

# સા.કુંડલા કબીર ટેકરી આશ્રમ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા



અમરેલી,તા.૦૨

સાવરકુંડલા શહેરના પવિત્ર ધામ કબીર ટેકરી આશ્રમ ખાતે પૂજ્ય સદગુરુ તપસ્વી રામપ્રતાપ સાહેબની ૪૫મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ગણેશ વંદના સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. નાની બાલિકાના કથ્થક નૃત્યે સૌનું મન મોહી લીધું હતું. આ પ્રસંગે 'માનવતાની મહેક' પુસ્તકનું વિમોચન તથા નવ સર્જકોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. સાધુ-સંતોના આશીર્વાદ સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

# ધારી ઘટકમાં પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત પૌષ્ટિક વાનગી હરીફાઈ યોજાઈ

અમરેલી,તા.૦૨





ધારી ઘટકમાં "પોષણ ઉત્સવ–૨૦૨૬" અંતર્ગત ઘટક કક્ષાની પૌષ્ટિક વાનગી હરીફાઈનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ પૌષ્ટિક આહાર, મિલેટ્સ તથા આંગણવાડી કેન્દ્રોમાંથી મળતા THRના પોષણમૂલ્ય અંગે જનજાગૃતિ લાવવાનો હતો. હરીફાઈમાં ધારીની કુલ ૬ સેજાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક સેજા દ્વારા ૬ વાનગીઓ રજૂ કરવામાં આવતા કુલ ૩૬ પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં ૧૮ વાનગીઓ THRમાંથી અને ૧૮ વાનગીઓ મિલેટ્સમાંથી તૈયાર કરવામાં આવી હતી. નિર્ણાયક મંડળ દ્વારા પોષણમૂલ્ય, ગુણવત્તા, સ્વચ્છતા, સ્વાદ, રજૂઆત અને નવીનતાના આધારે વાનગીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પ્રમુખ, ડાભાળી ગામના સરપંચ, CDPO સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેઓ હવે જિલ્લા કક્ષાની હરીફાઈમાં ભાગ લેશે.

# રાજુલા નજીક થોરડી ગામે યુવતીએ ઝેરી દવા પીતા મોત

રાજુલા,તા.૦૨

રાજુલા-સાવરકુંડલા રોડ પર આવેલા થોરડી ગામે ૨૯ વર્ષીય ખુશ્બુ પરમારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો.

બનાવની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને ખુશ્બુને સારવાર માટે રાજુલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે રાજુલા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ટીમ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. યુવતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# બાબરાના કીડી ગામે સીમ વિસ્તારમાંથી પવનચક્કીના કેબલ તથા ઓઈલની ચોરી

**કુલ રૂપિયા ૫.૭૩ લાખની ચોરી**

બાબરા, તા. ૦૨

બાબરાના કીડી ગામે સીમ વિસ્તારમાં આવેલી પવનચક્કીઓમાંથી રૂપિયા ૫.૭૩ લાખની કિંમતના કેબલ તથા ઓઈલની ચોરી થઈ હતી. આ અંગે નીલવડા ગામે રહેતા અને સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ભરતભાઈ ઘોહાભાઈ ધુમલીયા (ઉં.વ. ૩૪)એ અજાણ્યા ચોર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, કીડી ગામના સીમ વિસ્તારમાં આવેલી પવનચક્કીના લોકેશન નંબર RJ-AT-૪૭ માંથી નેસલ અર્થિંગ કોપરનો આશરે ૧૨૦ મીટર કેબલ તથા ટાવર અર્થિંગ કોપરનો આશરે ૧૧૦ મીટર કેબલ (કુલ કિંમત આશરે રૂ. ૩,૩૯,૦૦૦) ચોરાયો હતો.આ ઉપરાંત, લોકેશન નંબર RJ-AT-૪૩ ની બાજુમાં આવેલા ટીસીમાંથી આશરે ૯૦૦ લીટર ઓઈલ (કિંમત આશરે રૂ. ૧,૦૮,૦૦૦) અને લોકેશન નંબર RJ-AT-૪૫ ની બાજુમાં આવેલા ટીસીમાંથી આશરે ૧૦૫૦ લીટર ઓઈલ (કિંમત આશરે રૂ. ૧,૨૬,૦૦૦) મળીને ત્રણેય પવનચક્કીઓમાંથી કુલ રૂ. ૫,૭૩,૦૦૦ ની મત્તાની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી ગયો હતો. આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એમ. ગમારા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં વેપારી સાથે દુકાનનો વહીવટ સંભાળતા કર્મચારીએ સ્ટોક સગેવગે કરી નાણાં ચાંઉ કર્યા

**હાથ ઉછીના અને માતા-મિત્રના ખાતામાં ટ્રાન્સફર કરાવેલા નાણાં પચાવી પાડતાં ફરિયાદ**

અમરેલી, તા. ૦૨

અમરેલી શહેરમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લાઠી-સાવરકુંડલા બાયપાસ રોડ પર આવેલી દુકાનનો વહીવટ સંભાળતા કર્મચારીએ વેપારીને વિશ્વાસમાં લઈ દુકાનનો લાખો રૂપિયાનો સ્ટોક બારોબાર ખાલી કરી નાખ્યો હતો. આ ઉપરાંત, હાથ ઉછીના તેમજ પોતાના સગાં-સંબંધીઓના ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી કુલ રૂ. ૧૮,૦૯,૧૫૦ની ઠગાઈ આચરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.બનાવ સંદર્ભે હાલ સુરત રહેતા અને મૂળ ધારીના ઈંગોરાળા (ડુંગળી) ગામના નાથુભાઈ બચુભાઈ વાળા (ઉં.વ. ૭૧)એ અમરેલીમાં રહેતા યોગીરાજ રતીલાલ પંડ્યા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અમરેલીના લાઠી-સાવરકુંડલા બાયપાસ રોડ પર આવેલા સિલ્વર શાઈન કોમ્પ્લેક્ષમાં 'VHV એન્ટરપ્રાઈઝ' નામે દુકાન ધરાવે છે. તેમણે પોતાની દુકાનમાં નોકરી કરતા કર્મચારીને રૂ. ૧૨,૦૦,૦૦૦ના માલસામાનના સ્ટોક સાથે ધંધાનું સંચાલન અને સમગ્ર વહીવટ સમજૂતી કરાર કરીને સોંપ્યો હતો.આરોપી કર્મચારીએ તેમની પાસેથી અંગત જરૂરિયાત પેટે રૂ. ૧,૭૫,૬૫૦ હાથ ઉછીના મેળવ્યા હતા. ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબ, ફરિયાદીએ આરોપીની માતા કોકીલાબેનના બેંક ખાતામાં અલગ-અલગ તારીખોએ કુલ રૂ. ૩,૯૭,૫૦૦ જમા કરાવ્યા હતા. એટલું જ નહીં, આરોપીના મિત્ર નનુભાઈ જે. માલવીના ખાતામાં પણ ૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઓનલાઈન રૂ. ૩૬,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.બાદમાં આરોપીએ દુકાનમાં રહેલો રૂ. ૧૨ લાખનો સ્ટોક બારોબાર સગેવગે કરી દુકાન ખાલી કરી નાખી હતી તેમજ સમજૂતી કરાર મુજબની કોઈ રકમ ફરિયાદીને ચૂકવી નહોતી. આમ, માલસામાન, ઉછીના લીધેલા તથા ટ્રાન્સફર કરાવેલા નાણાં મળી કુલ રૂ. ૧૮,૦૯,૧૫૦ની છેતરપિંડી આચરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૦૩-૦૯-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૫૯,
સૂર્યાસ્ત-૦૬:૪૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૯-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઉભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો,

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે,

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

**શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી દ્વારા**

# અમરેલી જિલ્લામાં નિયમોનું પાલન ન કરનારા શાહુકારો સામે તપાસ હાથ ધરાઈ

**નાણા ધિરાણ અધિનિયમ હેઠળ કાર્યવાહી, ૧૫ શાહુકારોની સંખ્યામાં ઘટાડો નોંધાયો**

અમરેલી તા.૦૨

ગુજરાત નાણા ધિરાણ અધિનિયમ-૨૦૧૧ની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા અમરેલી જિલ્લામાં નોંધાયેલા શાહુકારોની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૧૦ સ્વૈચ્છિક તથા શંકા તપાસ, ૧૪ દેણદાર તપાસ અને એક છુપા ધિરાણ તપાસ કરવામાં આવી હતી.

જેના પરિણામે જિલ્લામાં શાહુકારોની સંખ્યામાં અંદાજે ૧૫નો ઘટાડો નોંધાયો છે. અધિનિયમ મુજબ શાહુકારોએ ઈ-કોઓપરેટિવ પોર્ટલ પર માસિક અને વાર્ષિક હિસાબો ઓનલાઈન રજૂ કરવાના રહે છે. વાર્ષિક રૂ. ૪૦ લાખથી વધુ ધિરાણ કરનારાએ વૈધાનિક ઓડિટ અને રૂ. ૫૦ લાખથી વધુ ધિરાણ કરનારાએ સી.એ. પાસે ઓડિટ કરાવવાનું રહેશે. ઓડિટ રિપોર્ટ રજૂ કરવામાં બેદરકારી દાખવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# બાબરામાં ભીમ બાપુની પાટી પાસેથી ૬ જુગારીઓ ઝડપાયા

બાબરા, તા.૦૨

બાબરામાં ભીમ બાપુની પાટી પાસેથી પોલીસે જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૩૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.મળતી માહિતી મુજબ, વિક્રમભાઈ પ્રતાપભાઈ ચૌહાણ, કાકુભાઈ રામભાઈ રાઠોડ, અશોકભાઈ રાઘવભાઈ સાકરીયા, હિંમતભાઈ રમેશભાઈ માંડાણી, ઈરફાનભાઈ રમેશભાઈ અગવાન અને અરમાનભાઈ સલીમભાઈ મેતર જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડા રૂ. ૩૬,૨૦૦ના મુદ્દામાલ સાથે તમામની અટકાયત કરી છે.આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. જી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાઠીના કેરાળા ગામેથી યુવતી લાપતા બની

લાઠી, તા.૦૨

લાઠી તાલુકાના કેરાળા ગામેથી એક યુવતી લાપતા બની હતી. આ અંગે આશીષભાઈ અશોકભાઈ જીકાદ્રા (ઉ.વ.૨૧) એ જાહેર કર્યા મુજબ, તેમની મોટી બહેન પ્રિયંકા અશોકભાઈ જીકાદ્રા (ઉ.વ.૨૩) ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી. જે બાદ તે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી.

# ધારીમાં બેંક કર્મચારીનું બાઈક ચોરાયું

ધારી, તા.૦૨

ધારીમાં બેંક કર્મચારીનું બાઈક ચોરાતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે દહીડા ગામે રહેતા ઉદયભાઈ ભીમભાઈ વાળાએ જાહેર કર્યા મુજબ, તેઓ બેંકમાં નોકરીએ આવ્યા ત્યારે બેંકની બહાર પાર્ક કર્યું હતું. ૨૦ હજારની કિંમતના બાઈકની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વડીલોનું સન્માન કરાયું

રાજુલા,તા. ૦૨



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા પટેલ સમાજની વાડી ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વડીલો, સેવા નિવૃત્ત કર્મચારીઓ તેમજ સરકારી નોકરીમાં પસંદગી પામેલા જ્ઞાતિજનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શિવ જ્યોતિ એકલિંગજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મેવાડી પાઘડી, ખેસ અને એકલિંગજી દાદાના ફોટાવાળા બિલ્લાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનીક જ્ઞાતિની ટેલિફોન ડિરેક્ટરીનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મધ્યસ્થ જ્ઞાતિ પ્રમુખ જનકભાઈ ઉપાધ્યાય, ધૈવત ત્રિવેદી, ભાસ્કરભાઈ પંડયા, ભરતભાઈ વ્યાસ અને રૂપલબેન પંડયા સહિત જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

**તંત્રી લેખ**

# વિશ્વમંચ પર ભારતની દ્રઢતા: આતંક સામે સમાધાન નહીં

બિશ્કેકમાં યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની બેઠક ભારત માટે પોતાની વિદેશનીતિના મૂળ વિચારોને વિશ્વ સમક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરવાની મહત્વપૂર્ણ તક બની. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદને માનવજાત સામેના ગંભીર જોખમ તરીકે ઓળખાવી તેની સામે સમગ્ર વિશ્વે એકજૂટ થઈને લડવાની હાકલ કરી. તેમના સંબોધનમાં માત્ર આતંકવાદનો વિરોધ જ નહીં, પરંતુ શાંતિ, વિકાસ અને પરસ્પર સહકારનો માર્ગ પણ રજૂ થયો હતો. પાકિસ્તાનના વડાપ્રધાનની ઉપસ્થિતિમાં પણ ભારતે પોતાના વિચારો નિર્ભયતાથી અને સ્પષ્ટતાપૂર્વક રજૂ કર્યા. આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈમાં સૌથી મોટી જરૂરિયાત એકસરખા માપદંડ અપનાવવાની છે. એક સ્થળે થયેલી હિંસાને ગંભીર ગણવી અને અન્ય સ્થળે રાજકીય સ્વાર્થને કારણે તેને અવગણવી, તેવી નીતિ લાંબા ગાળે સમગ્ર વિશ્વને વધુ અસુરક્ષિત બનાવી શકે છે. ભારતે સ્પષ્ટપણે જણાવ્યું કે આતંકવાદને મળતું નાણાંકીય સમર્થન બંધ કરવું, નવી ભરતી અટકાવવી, ઝેરી વિચારોના પ્રસારને રોકવો અને આતંકીઓને મળતા આશ્રયસ્થાનોનો અંત લાવવો જરૂરી છે. આ માટે તમામ દેશોએ સંયુક્ત પ્રયાસો કરવા પડશે. ભારતની આ વાતને માત્ર ભારત-પાકિસ્તાન સંબંધોના દષ્ટિકોણથી જોવી યોગ્ય નથી. આતંકવાદ કોઈ એક દેશ કે સરહદ સુધી મર્યાદિત રહેતો નથી. એક દેશમાં રચાયેલું હિંસાનું જાળ અન્ય દેશોના નિર્દોષ નાગરિકો માટે પણ જોખમ બની શકે છે. તેથી આતંકવાદ સામે કોઈપણ પ્રકારનું રાજકીય રક્ષણ ન મળે અને તેના મૂળ સુધી પહોંચીને તેને નાબૂદ કરવા વૈશ્વિક સહકાર મળે, તે માનવ સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. આજે વિશ્વના અનેક વિસ્તારોમાં તણાવ અને સંઘર્ષની સ્થિતિ છે. આવી પરિસ્થિતિમાં શક્તિપ્રદર્શન કરતાં સંવાદ અને રાજદ્વારી પ્રયત્નો વધુ અસરકારક સાબિત થઈ શકે છે. ભારતે ફરી ભારપૂર્વક જણાવ્યું કે વિવાદોનો કાયમી ઉકેલ ચર્ચા અને સંવાદથી જ શક્ય બને છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી અશાંતિએ ઊર્જા પુરવઠા, દરિયાઈ વેપાર અને વૈશ્વિક પુરવઠા વ્યવસ્થાને અસર કરી છે. તેથી પ્રાદેશિક સંઘર્ષોને હવે માત્ર સ્થાનિક સમસ્યા તરીકે જોવું શક્ય નથી. દેશની સમૃધ્ધિ માટે માત્ર કુદરતી સંપત્તિ કે આર્થિક વિકાસ પૂરતા નથી; શાંતિ અને સલામતી પણ એટલી જ આવશ્યક છે. જ્યાં સતત હિંસા અને અસ્થિરતા હોય ત્યાં શિક્ષણ, રોજગાર, વેપાર અને રોકાણને લાંબા ગાળાની ગતિ મળતી નથી. ભારતે સુરક્ષાને વિકાસના પાયામાં સ્થાન આપીને સહકારની નવી દિશા દર્શાવી છે. ભારતે દેશોને જોડતા માર્ગો અને પ્રાદેશિક જોડાણને પણ મહત્વ આપ્યું છે, પરંતુ સાથે જ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ યોજના દરેક દેશની સાર્વભૌમતા અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરતી હોવી જોઈએ. વિશ્વાસ પર આધારિત જોડાણ જ લાંબા ગાળે વેપાર, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવી શકે છે. અફઘાનિસ્તાનના લોકો માટે માનવતાના ધોરણે સહાય ચાલુ રાખવાની ભારતની અપીલ પણ નોંધપાત્ર રહી. અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા મધ્ય એશિયાની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. ભારતની આ ભૂમિકા દર્શાવે છે કે તેની સુરક્ષા નીતિમાં માનવ કલ્યાણને પણ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું છે. બિશ્કેક બેઠકમાં ભારતની મુત્સદ્દીગીરીમાં દ્રઢતા અને સંવાદનું સુંદર સંતુલન જોવા મળ્યું. રાષ્ટ્રીય સુરક્ષાના પ્રશ્ને કડક વલણ અને મતભેદોના ઉકેલ માટે ચર્ચા આ બંને માર્ગો એકબીજાના વિરોધી નથી. આતંકવાદ સામે સમાધાન નહીં, સંઘર્ષ સામે સંવાદ, વિકાસમાં સાર્વભૌમત્વ અને સહકારમાં માનવ કલ્યાણ આ ચાર સ્તંભો ભારતની વિચારધારાને સ્પષ્ટ રીતે રજૂ કરે છે.

# શીતળા સાતમ એટલે લોક શ્રધ્ધા અને આરોગ્યની પરંપરા

શીતળા માતાનું દિવ્ય સ્વરૂપ અને તેમના પ્રતીકોનું મહત્વ પ્રાચીન ધાર્મિક માન્યતાઓ અને લોકપરંપરાઓમાં વિશેષ રીતે વર્ણવાયું છે. હિંદુ લોકમાન્યતા અનુસાર શીતળા માતાને રોગહરિણી દેવી તરીકે પૂજવામાં આવે છે. પુરાણો અને લોકકથાઓમાં તેમનું વાહન ગધેડું દર્શાવવામાં આવ્યું છે, જ્યારે તેમના હાથમાં સૂપડું, સાવરણી, જળકુંભ અને લીમડાના પાંદડાનો ઝૂમખો હોય છે. આ દરેક વસ્તુ માત્ર ધાર્મિક પ્રતીક નથી, પરંતુ સ્વચ્છતા, આરોગ્ય અને શીતળ જીવનનો સંદેશ પણ આપે છે. લોકમાન્યતા મુજબ સૂપડાથી થતો પવન દર્દીના શરીરની બળતરા દૂર કરીને શીતળતા આપે છે. સાવરણી આસપાસના વાતાવરણ અને ઘરની સ્વચ્છતાનું પ્રતીક છે. જળકુંભનું ઠંડું પાણી શરીરને શીતળતા આપવાનું સૂચવે છે, જ્યારે લીમડાના પાંદડાને તેના પરંપરાગત જંતુનાશક ગુણધર્મોને કારણે આયુર્વેદમાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. માતા શીતળાને જગતજનની પાર્વતીના અંશરૂપ માનવામાં આવે છે અને લોકવિશ્વાસ મુજબ તેઓ બાળકોને અછબડા સહિતના ચેપી રોગોથી રક્ષણ આપે છે. શીતળા માતાના પ્રાગટ્યને લઈને વિવિધ પૌરાણિક આખ્યાનો અને લોકવાયકાઓ પ્રચલિત છે. એક આખ્યાન મુજબ દેવો દ્વારા આયોજિત યજ્ઞમાંથી મા શીતળાનું પ્રાગટ્ય થયું હતું. તે જ સમયે ભગવાન શિવના સ્વેદમાંથી જ્વરાસુર નામનો અસુર ઉત્પન્ન થયો હતો, જે મનુષ્યોને તાવ અને વિવિધ રોગોથી પીડિત કરવા લાગ્યો હતો. લોકકથા અનુસાર માતા શીતળાએ જ્વરાસુરનો પરાજય કરીને તેને પોતાના શરણે લીધો હતો. આ કથા રોગ સામે રક્ષણ અને માનવકલ્યાણના સંદેશ સાથે જોડાયેલી છે. બીજી એક લોકવાયકા અનુસાર, એક સમયે ગામલોકોએ માતાને અતિ ગરમ નૈવેદ્ય ધરાવ્યો હતો, જેના કારણે માતાનું મુખ દાઝી ગયું હતું. ત્યારથી માતાને ઠંડો ભોગ ધરાવવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. આ માન્યતાને આધારે આજે પણ શીતળા સાતમના દિવસે ઠંડો અથવા અગાઉથી તૈયાર કરેલો ભોગ ધરાવવામાં આવે છે. અન્ય એક લોકકથામાં એક જ પરિવારની બે પુત્રવધૂઓનો ઉલ્લેખ મળે છે. જેમાંથી એક વહુએ સંપૂર્ણ શ્રધ્ધા અને ભાવપૂર્વક શીતળા માતાનું વ્રત કર્યું હતું. લોકમાન્યતા મુજબ તેના પરિવારમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિનો વાસ થયો હતો. આ પ્રકારની કથાઓ વ્રત પ્રત્યેની શ્રધ્ધા અને તેની ફળશ્રુતિને ઉજાગર કરે છે. શીતળા સાતમના એક દિવસ પહેલાં રાંધણ છઠ ઉજવવામાં આવે છે. આ દિવસે ઘરની મહિલાઓ ઉત્સાહપૂર્વક આગામી દિવસ માટે વિવિધ વાનગીઓ તૈયાર કરે છે. ગુજરાતના વિવિધ વિસ્તારો અને સમાજોમાં વાનગીઓમાં થોડો ફેરફાર જોવા મળે છે, પરંતુ દાળ-ભાત, કઢી, મગની ફોતરાવાળી દાળ, પૂરી, ટામેટાનું શાક, સૂકા બટાકાનું શાક, મોહનથાળ, ચૂરમાના લાડુ અને કેરીનો રસ જેવી વાનગીઓ વિશેષ લોકપ્રિય છે. સાંજના સમયે ચૂલાની પૂજા




કરીને તેને ઠારી દેવાની પરંપરા પણ જોવા મળે છે. આ પ્રથા અન્નદાતા અને રસોઈના સાધન પ્રત્યે આદર વ્યક્ત કરવાની લોકપરંપરા તરીકે જોવામાં આવે છે. બીજા દિવસે, એટલે કે સાતમના દિવસે, સામાન્ય રીતે ચૂલો સળગાવવામાં આવતો નથી અને અગાઉથી તૈયાર કરેલો ભોજન પ્રસાદરૂપે આરોગવામાં આવે છે. સાતમના દિવસે વહેલી સવારે ઊઠીને સ્નાનાદિથી પરવારી મહિલાઓ અને

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

પરિવારજનો શીતળા માતાના મંદિરે દર્શન અને પૂજા માટે જાય છે. અનેક સ્થળોએ માતાને દહીં-ચોખા, ઘેંસ અને અન્ય પરંપરાગત ભોગ ધરાવવામાં આવે છે. લોટના દીવા પ્રગટાવી પૂજા કરવામાં આવે છે અને શીતળાષ્ટક જેવા સ્તોત્રોનું પઠન તથા ગાન પણ કરવામાં આવે છે. અમદાવાદ સહિત ગુજરાતના અનેક શીતળા માતાના મંદિરોમાં આ દિવસે મોટી સંખ્યામાં ભક્તો ઉમટે છે. શીતળા સાતમનું મહત્વ માત્ર ધાર્મિક શ્રધ્ધા સુધી મર્યાદિત નથી. આ પરંપરાની પાછળ ઋતુ અને જીવનશૈલી સાથે જોડાયેલો વ્યવહારુ અભિગમ પણ જોવા મળે છે. ચોમાસાની ઋતુ દરમિયાન વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જાય છે અને આરોગ્ય સંબંધિત વિવિધ સમસ્યાઓ ઊભી થવાની શક્યતા રહે છે. આ સમયે સ્વચ્છતા, સંતુલિત આહાર અને યોગ્ય ખોરાકનું વિશેષ મહત્વ છે. પરંપરાગત રીતે આ દિવસે હળવો અને સરળતાથી પચી શકે તેવો ખોરાક લેવાની માન્યતા રહી છે. જોકે, આજના આરોગ્યવિજ્ઞાનના દષ્ટિકોણથી ખોરાકને યોગ્ય રીતે સંગ્રહિત કરવો અને સ્વચ્છતાનું ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. લાંબા સમય સુધી ખોરાક ખુલ્લો રાખવાથી અથવા યોગ્ય તાપમાને ન રાખવાથી ખોરાકજન્ય ચેપનું જોખમ વધી શકે છે. તેથી પરંપરાનું પાલન કરતી વખતે આરોગ્ય અને સ્વચ્છતાની વૈજ્ઞાનિક સાવચેતી રાખવી જરૂરી છે. ચૂલો ન સળગાવવાની પરંપરા ઘરકામ કરતી મહિલાઓને એક દિવસ રસોઈના સતત શ્રમમાંથી વિરામ આપતી હોવાનો સામાજિક અર્થ પણ ધરાવે છે. આખા પરિવાર માટે અગાઉથી ભોજન તૈયાર થતું હોવાથી સાતમના દિવસે પરિવારજનો સાથે સમય વિતાવવાની તક મળે છે. આ પર્વનો મુખ્ય સંદેશ છે સ્વચ્છ રહો અને સ્વસ્થ રહો. શીતળા માતાની ઉપાસના ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારી સાથે જોડાયેલી હોવાનું માનવામાં આવે છે. માતાના હાથમાં રહેલી સાવરણી અને લીમડાના પાંદડા સ્વચ્છતા તથા રોગોથી બચાવના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ તહેવાર કુટુંબની એકતાનું પણ સુંદર પ્રતીક છે. રાંધણ છઠના દિવસે ઘણી વખત પરિવારની ત્રણ-ચાર પેઢીની મહિલાઓ એકસાથે રસોઈની તૈયારીમાં જોડાય છે. આ પ્રક્રિયા માત્ર ભોજન બનાવવાની નથી, પરંતુ અનુભવો, પરંપરા અને લાગણીઓની આપ-લેનું માધ્યમ પણ બને છે. વડીલો દ્વારા નવી પેઢીને પરંપરાગત વાનગીઓ અને ધાર્મિક રીતરિવાજોની જાણકારી મળે છે. આર્થિક દૃષ્ટિએ પણ આ તહેવારનું મહત્વ વધ્યું છે. મીઠાઈની દુકાનો, રસોઈયા, કેટરિંગ સેવા, ટિફિન સેવા અને તૈયાર ભોજન આપતા વ્યવસાયોને આ દિવસોમાં વધારાની માંગ મળી શકે છે. ગુજરાત ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોમાં પણ શીતળા માતાની જુદા-જુદા નામે અને વિવિધ પરંપરાઓ સાથે આરાધના કરવામાં આવે છે. ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આ પર્વ બસૌડા અથવા શીતળા અષ્ટમી તરીકે ઓળખાય છે. રાજસ્થાનમાં પણ તેની વિશેષ ધાર્મિક પરંપરા જોવા મળે છે, જ્યારે સિંધી સમાજમાં ઠડરી તરીકે સમાન પ્રકારની પરંપરા ઉજવવામાં આવે છે. વિદેશમાં વસતા ભારતીયો અને ગુજરાતીઓ પણ પોતાની સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવા માટે અમેરિકા, કેનેડા, યુકે અને દુબઈ સહિતના દેશોમાં શ્રધ્ધાપૂર્વક આ વ્રત અને પૂજા કરે છે. આમ, શીતળા માતાની આરાધના માત્ર સ્થાનિક પરંપરા ન રહી, પરંતુ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકો માટે વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું પર્વ બની છે. સમયની સાથે શીતળા સાતમની ઉજવણીમાં કેટલાક પરિવર્તનો જોવા મળી રહ્યા છે. આજની યુવા પેઢી આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત બની રહી છે. તેથી ઘણા પરિવારો ભારે અથવા લાંબા સમય સુધી સંગ્રહિત ખોરાકને બદલે તાજું, સ્વચ્છ અને સલામત રીતે તૈયાર કરેલું ઠંડું ભોજન પસંદ કરે છે. ફ્રૂટ સલાડ, દહીં-ભાત, રાયતું અને અન્ય હળવા ખોરાકને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે.નોકરીયાત મહિલાઓ પાસે આખો દિવસ રસોઈ માટે સમય ન હોવાથી ઘણા પરિવારો તૈયાર વાનગીઓ અથવા કેટરિંગ સેવાનો ઉપયોગ કરે છે. મેનૂમાં આધુનિકતા આવી છે, પરંતુ તહેવારનો મૂળ ભાવ શ્રધ્ધા, પ્રેમ, પારિવારિક મિલન અને પરંપરાનું જતન આજે પણ અકબંધ રહ્યો છે. આમ, શીતળા સાતમ માત્ર એક ધાર્મિક તિથિ નથી, પરંતુ આપણી જીવનશૈલી અને સંસ્કૃતિનો અરીસો છે. આ પર્વ આપણને સ્વચ્છતા જાળવવા, આરોગ્યનું ધ્યાન રાખવા અને પરિવાર સાથે સમય વિતાવવાની પ્રેરણા આપે છે. સાદગી, સંતોષ અને પરસ્પર પ્રેમમાં જ જીવનની સાચી સમૃદ્ધિ રહેલી છે. શીતળા માતાનું આ પાવન પર્વ દરેકના જીવનમાં આરોગ્ય, સુખ, શાંતિ અને શીતળતા પ્રસરાવે તેવી પ્રાર્થના.

## શબ્દ સંજોગ-૨૨૫૮



**આડી ચાવી :**
(૧) આંખમા દેખાતી ઝીણી લાલ રગ (૩)
(૪) બંગાળના એકભાગનું પ્રાચીન નામ (૨)
(૬) પુરી ભરતી સમયે બાર મીનીટ પાણી થોભે છે તે (૨)
(૮) જંતરમુતરનો દોરો અથવા માદળીયુ (૩)
(૧૦) કલ્પનામાં વિહરનારા કરતા....ચાલનારા મંઝીલે વહેલા પહોંચે (૪)
(૧૨) સરસ્વતી (૨)
(૧૩) બાળભાષામાં ચાવણું (૨)
(૧૪) દિવેટ, રસ્તો (૨)
(૧૫) એક પશુ (૨)
(૧૬) પાસું, પડખું (૨)
(૧૮) રામની વાનરસેનાનો એક સેનાપતિ (૨)
(૨૦) છીણીને કરેલો છુંદો (૩)
(૨૨) કાગડો (૨)
(૨૩) ચાર તોલા જેટલું માપ (૨)
(૨૫) ભૂત ભવિષ્ય વર્તમાન એ ત્રણેય કાળ (૩)
(૨૬) મોળાકતમાં એક વખત જમી બીજી વખત જમવા માટે બેસી રહેવું તે (૩)
(૨૭) સાર, બળ (૨)
(૨૯) વિદ્યાર્થી (૨)
(૩૦) ગોળની ચાકી (૨)
(૩૧) કાંત, પતિ (૩)
(૩૨) લગ્નવિધિ દરમ્યાન સાસુમા વરના .... પર તિલ્લક કરે છે. (૨)

**ઉભી ચાવી :**
(૨) અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી ટ્રેન.......એક્સપ્રેસ (૩)
(૩) વસંતઋતુ કે ત્યારનો પાક (૨)
(૫) અફવા, ઉડતી વાત (૨)
(૬) ખાડા ટેકરા વિનાનું (૩)
(૭) મણકા વગેરે પરોવી કરેલો હાર (૨)
(૯) એક ફળ (૪)
(૧૧) બાકું, જાળીયું (૩)
(૧૨) દુર્ગાના ગણમાની એક દેવી (૩)
(૧૬) હાથીને મણ તો કીડીને? (૨)
(૧૭) એકાદ સંગાથવાળું (૬)
(૧૯) ગંદા પદાર્થનો લચકો (૩)
(૨૧) વાંદરો (૩)
(૨૨) હું તમારી માતાની દેરાણીના પિતા (૨)
(૨૪) છટા, શૈલી (૩)
(૨૫) મહાદે આ નમે પણ ઓળખાય (૩)
(૨૬) આખરે, ઘણું કરીને (૩)
(૨૮) અંગ્રેજી રાજ્યમાં અપાતો એક ઈલકાબ (૨)
(૨૯) ગાય ભેંસનો મળ (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૭ જવાબ

**આડી ચાવી** : (૧) પાસું (૨) આવરદા (૬) છાનું (૭) સંયુક્ત (૮) સાગ (૯) કબજો (૧૧) કફોડી (૧૩) ડામ (૧૫) વારૂ (૧૬) પા (૧૭) ફરજ (૧૯) પલાશ (૨૧) વલણ (૨૩) કવર (૨૪) દર (૨૫) સર (૨૬) વાળું (૨૬) મીન (૨૮) ભ્રમણ (૨૯) છાંટ (૩૦) સ્પષ્ટતા.
**ઉભી ચાવી** : (૧) પાનું (૨) આયુ (૩) વક્ત (૪) ૨ (૫) દરબવાજ (૬) છાલક (૭) સંગ (૮) સાડી (૧૦) જોરૂ (૧૨) ફોસલાવવું (૧૪) મફલર (૧૮) રણ (૧૯) પકવાન (૨૦) શર (૨૧) વંદન (૨૨) ધારણા (૨૫) સમતા (૨૭) મીટ (૨૮) ભ્રષ્ટ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૯૯૫ | ૨૦૫૪ |
| પપૈયા | ૧૫૯ | ૨૯૬ |
| બટેટા | ૯૫ | ૨૯૬ |
| ટમેટા | ૪૦૩ | ૬૧૧ |
| સુરણ | ૬૭૧ | ૮૮૪ |
| કોથમરી | ૧૪૩ | ૧૮૯ |
| મુળા | ૨૨૧ | ૪૧૯ |
| રીંગણા | ૧૭૯ | ૩૮૧ |
| કોબીજ | ૨૨૧ | ૩૩૨ |
| ફ્લાવર | ૨૯૧ | ૪૮૨ |
| ભીંડો | ૪૨૪ | ૬૩૧ |
| ગુવાર | ૬૧૧ | ૯૭૭ |
| ચોળાસીંગ | ૩૫૧ | ૫૮૮ |
| વાલોળ | ૪૧૯ | ૫૩૪ |
| ટીંડોળા | ૩૦૫ | ૬૧૪ |
| દુધી | ૧૪૧ | ૨૧૧ |
| કારેલા | ૧૬૪ | ૨૧૪ |
| સરગવો | ૬૫૭ | ૧૨૯૫ |
| તુરીયા | ૨૧૯ | ૪૨૩ |
| પરવર | ૭૭૩ | ૯૬૯ |
| કાકડી | ૨૧૫ | ૪૬૬ |
| ગાજર | ૩૦૧ | ૪૨૯ |
| વટાણા | ૧૫૯૧ | ૨૬૨૭ |
| કંટોળા | ૧૨૨૭ | ૧૮૩૧ |
| ગલકા | ૧૫૯ | ૨૬૬ |
| બીટ | ૩૧૫ | ૪૯૧ |
| મેથી | ૫૦૫ | ૭૯૨ |
| વાલ | ૫૫૨ | ૯૮૩ |
| ડુંગળી લીલી | ૪૮૭ | ૭૦૩ |
| આદુ | ૧૪૨૧ | ૩૦૨૬ |
| મરચા લીલા | ૪૧૮ | ૬૨૨ |
| મગફળી લીલી | ૫૯૪ | ૮૧૮ |
| મકાઇ લીલી | ૧૫૪ | ૩૧૨ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૨૦ |
| શકકરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૨૦ |
| ગાજર | ૫૨૦ | ૬૩૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૧૦૦ | ૧૫૦ |
| ગલકા | ૨૦૦ | ૨૫૦ |
| મૂળા | ૧૬૦ | ૨૨૦ |
| કાકડી | ૧૬૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૩૦ |
| વટાણા | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૨૧૦ | ૩૨૦ |
| કંટોલા | ૧૪૫૦ | ૧૬૫૦ |
| શીંગઓળા | ૭૩૦ | ૧૦૫૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૭૦૦ | ૮૫૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીબુ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૯૦ | ૮૯૦ |
| શીંગ ૩૯ | ૧૦૮૨ | ૧૨૦૨ |
| શીંગ જી-૨૦ | ૭૪૦ | ૮૨૫ |
| જુવાર | ૪૮૨ | ૧૧૮૮ |
| બાજરી | ૩૦૦ | ૪૬૮ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૯૨ |
| મકાઈ | ૩૧૦ | ૩૧૦ |
| સોયાબીન | ૧૧૦૨ | ૧૧૦૨ |
| મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૧૦ | ૧૩૩૦ |
| ચણા | ૭૫૦ | ૧૨૦૨ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૧૬૯૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૨૮૬૦ | ૨૮૬૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૮૮૬ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૫૫૬ |
| નાળીયેર | ૭૭૦ | ૩૧૪૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ કાળા | ૨૫૮૦ | ૨૫૮૦ |
| કપાસ | ૧૫૧૦ | ૧૮૨૧ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| જુવાર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| એરંડી | ૧૩૩૧ | ૧૩૩૧ |

# શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ ૬૦૦થી વધુ પોઈન્ટ ગગડ્યો

**ઓટો, આઈટી, મીડિયા અને રિયલ્ટી શેરોમાં વેચવાલીનો દબાણ**

અમદાવાદ, તા.૦૨



ભારતીય શેરબજારમાં આજે ૨ સપ્ટેમ્બરે મોટાપાયે ઘટાડો જોવા મળ્યો છે. મંગળવારે ટ્રેડિંગ સત્ર દરમિયાન સેન્સેક્સ ૬૦૦થી વધુ પોઈન્ટના કડાકા સાથે ૭૬,૩૦૦ના સ્તરે પહોંચી ગયો હતો, જ્યારે નિફ્ટી પણ લગભગ ૨૦૦ પોઈન્ટ તૂટીને ૨૩,૮૫૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. મુખ્યત્વે ઓટો, આઈટી, મીડિયા અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં ભારે વેચવાલીને કારણે બજારમાં આ ઘટાડો નોંધાયો છે.

બીજી તરફ, પ્રાથમિક સબસ્ક્રિપ્શન માર્કેટમાં દીપા જ્વેલર્સના આઈપીઓ (IPO) માટે અરજી કરવાનો આજે બીજો દિવસ છે. રોકાણકારો ૩ સપ્ટેમ્બર સુધી આ આઈપીઓ માટે બોલી લગાવી શકશે. રોકાણકારોએ આ આઈપીઓમાં ઓછામાં ઓછું રૂ. ૧૪,૮૬૮નું રોકાણ કરવું પડશે. કંપની આ આઈપીઓ મારફતે રૂ. ૪૫૯.૭૨ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ અગાઉ ૧ સપ્ટેમ્બરે પણ શેરબજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં સેન્સેક્સ ૧૩ પોઈન્ટ ઘટીને ૭૬,૯૪૪ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૦૫૬ના સ્તરે બંધ રહ્યો હતો.

# એપલના નવા CEO તરીકે જ્હોન ટર્નસની વરણી કરવામાં આવી

**ટિમ કૂક હવે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે જવાબદારી સંભાળશે**

મુંબઈ,તા.૦૨



જ્હોન ટર્નસે એપલના નવા CEO તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. તેઓ અગાઉ કંપનીમાં સિનિયર હાર્ડવેર એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત હતા. ટિમ કૂક લગભગ ૧૫ વર્ષ સુધી CEO રહ્યા બાદ હવે એપલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં એક્ઝિક્યુટિવ ચેરમેનની ભૂમિકા ભજવશે. કૂકે ૨૦૧૧માં સ્ટીવ જોબ્સનું સ્થાન લીધું હતું.

ટર્નસ ૨૦૦૧માં એપલની પ્રોડક્ટ ડિઝાઈન ટીમમાં જોડાયા હતા અને ૨૦૧૩માં હાર્ડવેર એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ બન્યા હતા. તેમણે આઈફોન, આઈપેડ, મેક, એરપોડ્સ, એપલ વોચ અને વિઝન પ્રો જેવા પ્રોડક્ટ્સના હાર્ડવેર એન્જિનિયરિંગનું નેતૃત્વ કર્યું છે.

એપલના નવા CEOનું વાર્ષિક પેકેજ લગભગ ૫૮ મિલિયન ડોલર છે, જેમાં ૩ મિલિયન ડોલરનો પગાર અને ૫૫ મિલિયન ડોલરના શેરનો સમાવેશ થાય છે. જ્યારે ટિમ કૂકને એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે લગભગ ૪૭ મિલિયન ડોલર મળશે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કોડીનાર - અમરેલી એસ.ટી. બસ શરૂ કરવા મુસાફરોએ કરી ઉગ્ર માંગણી

કોડીનાર તા.૦૨

કોડીનાર—અમરેલી સ્ટેટ હાઈવે પર ભૂતકાળમાં નિયમિત દોડતી એસ.ટી. બસ સેવાઓ બંધ થતાં ગીર પંથકના ગામડાઓ તેમજ મધ્યગીરના નેસડાઓમાં વસતા લોકો અને યાત્રાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું સ્થાનિકો કહી રહ્યા છે. એક સમયે આ રુટ પર આશરે ૨૦ જેટલી એસ.ટી. બસો નિયમિત દોડતી હોવાનો લોકોનો દાવો છે. ગીર વિસ્તારના અનેક ગામડાઓને જોડતી આ બસ સેવા વર્ષો સુધી ગ્રામ્ય જનતા માટે મહત્વપૂર્ણ પરિવહનનું સાધન રહી હતી. કનકાઈ અને બાણેજ જેવા યાત્રાધામો સુધી પહોંચતા દર્શનાર્થીઓ પણ વર્ષો સુધી એસ.ટી. બસ સેવાનો લાભ લેતા હતા. અમરેલી—કોડીનાર, વેરાવળ—અમરેલી, હડમડીયા—અમદાવાદ સહિતના વિવિધ રૂટ પર અગાઉ મુસાફરોની સારી એવી અવરજવર રહેતી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ એસ.ટી. નિગમને પણ આ રૂટ પરથી સારી આવક થતી હતી. તેમ છતાં સમય જતાં અનેક રૂટ બંધ થતાં ગ્રામ્ય વિસ્તારના લોકો માટે જાહેર પરિવહનની સુવિધા ઘટી હોવાનું લોકો જણાવી રહ્યા છે. સ્થાનિકોમાં નારાજગી પણ જોવા મળી રહી છે કે ચૂંટણીના સમયે રાજકીય આગેવાનો અને નેતાઓ સક્રિય બને છે, પરંતુ ચૂંટણી બાદ પાયાની સુવિધાઓ અંગે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. લોકોએ સ્પષ્ટ માંગ કરી છે કે અમરેલી—કોડીનાર, વેરાવળ—અમરેલી અને સાવરકુંડલા—કનકાઈ સહિત ભૂતકાળમાં ચાલતા અને હાલમાં બંધ થયેલા જરૂરી એસ.ટી. રૂટોની સમીક્ષા કરી તાત્કાલિક બસ સેવા પુનઃ શરૂ કરવામાં આવે. જો આ માંગનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકો દ્વારા આપવામાં આવી છે.

# માણસા નજીક અંબોડ હાઈ-વે પર નિવૃત્ત સચિવાલય કર્મચારીની હત્યા

ગાંધીનગર, તા.૦૨



ગાંધીનગરના માણસા નજીક અંબોડ હાઈ-વે પર આવેલી પ્રિયંકા ગોલ્ડ સોસાયટીના પાંચમા માળે બંધ ફ્લેટમાંથી સચિવાલયના નિવૃત્ત કર્મચારીની લોહીથી લથબથ હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ ૬૧ વર્ષીય બાબુલાલ વાલીગ ડોડીયાળ તરીકે થઈ છે. તેઓ વર્ષ ૨૦૨૩માં ગાંધીનગર સચિવાલયમાં પટાવાળા તરીકે નિવૃત્ત થયા હતા. તેઓ પરિવાર સાથે ગાંધીનગર રહેતા હતા અને અંબોડ સ્થિત પોતાના ફ્લેટ પર અવારનવાર આવતા હતા. ફ્લેટમાંથી કોઈ સામાન ગાયબ થયો નથી તેમજ લૂંટના કોઈ પુરાવા પણ મળ્યા નથી. જેથી કોઈ પરિચિત વ્યક્તિએ અંગત અદાવતમાં હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. માણસા પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને એફએસએલની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. માણસા પીઆઈ જે.બી. ખાંભલાના જણાવ્યા મુજબ, સોસાયટીમાં મૃતકના બે ફ્લેટ છે. સામેનો ફ્લેટ ભાડે આપેલો છે. ગઈકાલે જ રાજસ્થાની ભાડુઆત દ્વારા ત્રણ મહિનાનું બાકી ભાડું ચૂકવાયું હતું. પોલીસે પાડોશીઓ અને પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે.

# કોડીનારની ગાયત્રી વિદ્યાનિકેતન શાળામાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

કોડીનાર તા.૦૨



કોડીનારની ગાયત્રી વિદ્યાનિકેતન શાળામાં જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહેમાનો તથા પૂર્વ શિક્ષકોના હસ્તે દીપ પ્રાગટ્યથી થયો હતો. ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. 'નંદ ઘેર આનંદ ભયો' અને 'જય કનૈયાલાલ કી'ના નાદ સાથે મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં બે વર્ષના શ્યામ કાટેલિયા કૃષ્ણના વેશમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. દેવેન્દ્રભાઈ ડોડીયા, ગોપાલવાળા, જે.કે. મેર, રવિભાઈ બારૈયા સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં સગીરાનો પીછો કરી છેડતીનો પ્રયાસ કરનાર આરોપીને પકડીને જેલહવાલે કરાયો

ઉના, તા. ૦૨



ઉના તાલુકાના એક ગામમાં સગીરા સાથે છેડછાડ કરવાનો પ્રયાસ થયાની ઘટના સામે આવી છે. સગીરાના પરિવારજનોએ ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગામના જ એક યુવક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ, સગીરા પરિવાર સાથે ખેતીકામ પૂર્ણ કરીને ઘરે આવી હતી અને રાત્રિના સમયે ગામમાં દૂધ આપવા ગઈ હતી. દૂધ આપીને પરત ફરતી વખતે ગામની શાળા પાસે મહેશ ઉર્ફે મયુર રણુભાઈ બાંભણીયાએ તેનો પીછો કર્યો હતો. આરોપીએ પાછળથી સગીરાનો હાથ પકડી તેને અંધારાવાળા સ્થળે લઈ જવાનો પ્રયાસ કરી અડપલા કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સગીરાએ બૂમાબૂમ કરતાં પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરિવારજનોને જોઈ આરોપી દીવાલ કૂદીને ભાગી ગયો હતો. બીજા દિવસે પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેફામ ડમ્પરે બાઈકને ટક્કર મારતા કોડીનારના યુવાનનું ઘટનાસ્થળે મોત

કોડીનાર,તા.૦૨



તસવીર : ધર્મેશ પાઠક

ઉના-કોડીનાર નેશનલ હાઈવે પર સિલોજ ગામ નજીક બેફામ ડમ્પરે ડબલ સવારી મોટરસાયકલને અડફેટે લેતા કોડીનારના ૨૫ વર્ષીય યુવાન મોહિબરજા તસબુર હુસેન જલાલીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલી તેમની સાળી અલીશાબેન કાળુભાઈ ગંભીર રીતે ઘાયલ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ઉનાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક વાહન ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફરાર ચાલકને ઝડપી લેવા સહિત આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લઠ્ઠાકાંડના વિરોધમાં કોડીનાર કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

**દારૂના અડ્ડા કાયમી બંધ કરવાની કોંગ્રેસ કાર્યકરોની માંગ**

કોડીનાર તા.૦૨



તસવીર : કુલદીપ પાઠક

ભાવનગરમાં સર્જાયેલા ઝેરી લઠ્ઠાકાંડના વિરોધમાં કોડીનાર તાલુકા અને શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવવા જતાં પહેલાં કાર્યકરોએ મુખ્ય માર્ગ પર ધરણાં અને ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોની અટકાયત કરી હતી. કોંગ્રેસે હાઈકોર્ટના સિટિંગ જજની દેખરેખ હેઠળ એસઆઈટી તપાસ, જવાબદારો સામે સદોષ માનવવધનો ગુનો અને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મૃતકોના પરિવારોને સહાય તેમજ દારૂના અડ્ડાઓ કાયમી બંધ કરવાની માંગ સાથે યોગ્ય પગલાં નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે જનઆંદોલનની ચેતવણી આપવામાં આવી છે.

# ગીર સોમનાથમાં ઓવરલોડ ખનીજ વહન કરતા ત્રણ ડમ્પર ડિટેઈન કરાયા

**ઓગસ્ટ મહિનામાં આરટીઓએ ૨૮૮ ચલણમાં રૂ. ૧૧.૦૧ લાખનો દંડ વસૂલ્યો**

કોડીનાર તા.૦૨



ગીર સોમનાથ જિલ્લામાં ઓવરલોડ તથા ખનીજ વહન કરતા વાહનો સામે આરટીઓ વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. સહાયક મોટર વાહન નિરીક્ષક જે. એ. ટાંકના જણાવ્યા મુજબ આજે ઓવરલોડ ખનીજ વહન કરતા ત્રણ ડમ્પરને ડિટેઈન કરવામાં આવ્યા હતા. ત્રણેય ડમ્પરમાં મોટા પથ્થરોનું વહન થતું હોવાનું સામે આવ્યું હતું. ખનીજ ચોરીની શંકાને પગલે ખાણ-ખનીજ વિભાગને પણ જાણ કરવામાં આવી છે. ઓગસ્ટ દરમિયાન આરટીઓએ કુલ ૨૮૮ ચલણ ઈશ્યૂ કરી રૂ. ૧૧,૦૧,૬૨૯નો દંડ વસૂલ્યો હતો. વિભાગે વાહનચાલકોને ઓવરલોડિંગ ટાળી તમામ નિયમોનું પાલન કરવા અપીલ કરી છે.

# પેઢીનામાની કામગીરી પાંચ મહિનાથી બંધ રહેતા પ્રતાપ દુધાતની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૦૨



અમરેલી જિલ્લામાં પંચાયત અને મહેસૂલ વિભાગના અધિકારીઓ વચ્ચેના સંઘર્ષને કારણે છેલ્લા પાંચ મહિનાથી પેઢીનામાની કામગીરી બંધ હોવાનું સામે આવ્યું છે. જમીનમાં વારસાઈ, હયાતીમાં હક તેમજ મકાનમાં નામ ચડાવવા માટે પેઢીનામું જરૂરી હોવાથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારે તાજેતરમાં પરિપત્ર કરીને રેવન્યુ તલાટી-મંત્રીને પેઢીનામું બનાવવાની જવાબદારી સોંપી હોવા છતાં આજદિન સુધી તેનો યોગ્ય અમલ થયો નથી. સામાન્ય પેઢીનામું મેળવવા માટે પણ લોકોને પાંચ મહિનાથી ગ્રામ પંચાયત અને મામલતદાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે. આથી સરકારી પરિપત્રની તાત્કાલિક અમલવારી કરી લોકોને પડતી મુશ્કેલી દૂર કરવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈએ રજૂઆત કરી છે.

# કોડીનારમાં એકાદશ દિવસીય શિવ મહાપુરાણ કથાનો ભવ્ય પ્રારંભ



કોડીનાર તા. ૦૨

કોડીનારમાં વિઠલાણી પરિવાર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે તા. ૩૧ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર સુધી માર્કેટિંગ યાર્ડ ખાતે એકાદશ દિવસીય શિવ મહાપુરાણ કથાનું આયોજન કરાયું છે. પ્રારંભ પૂર્વે સોમનાથ મહાદેવ મંદિરેથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. કથાકાર ડો. મહાદેવ પ્રસાદ મહેતા દરરોજ સાંજે ૪થી ૮ વાગ્યા સુધી કથાનું રસપાન કરાવશે. વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે.

# ધોરાજીમાં જન્માષ્ટમી શોભાયાત્રાના આયોજનમાંથી વિશ્વ હિન્દુ પરિષદ ખસી

ધોરાજી તા.૦૨



તસવીર : નયન કુહાડીયા

આગામી ૪ સપ્ટેમ્બરે યોજાનારી જન્માષ્ટમીની શોભાયાત્રાના આયોજનમાંથી વિશ્વ હિન્દુ પરિષદે ખસી જવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૧૯૮૧થી પરંપરાગત રીતે પરિષદ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. તા. ૩૧ ઓગસ્ટે યોજાયેલી હિન્દુ સમાજની બેઠકમાં કેટલાક મુદ્દે વિવાદ સર્જાતા સમાજમાં ભાગલા ન પડે તે હેતુથી નિર્ણય લેવાયો હોવાનું જણાવાયું હતું. જોકે, જન્માષ્ટમી મહોત્સવની ઉજવણીમાં પરિષદ સહયોગ આપશે. રથ શણગાર, ફ્લોટ અને દુર્ગાવાહિનીની બહેનો પણ શોભાયાત્રામાં જોડાશે. અન્ય કોઈ સંસ્થા આયોજન કરે તો તેને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપવામાં આવી છે.


**પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ**



**દવાઓ, સર્જિકલ વસ્તુઓ અને વપરાશી સામગ્રી વગેરેની ખરીદી માટે વેન્ડર્સ/ફર્મો/ડિસ્ટ્રિબ્યુટર્સ/કેમિસ્ટ દુકાનોનું એમ્પેનલમેન્ટ**

પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા – 364003 ખાતે દર્દીવાર દૈનિક ધોરણે સ્થાનિક ખરીદી માટે દવાઓ, સર્જિકલ વસ્તુઓ અને કન્ઝ્યુમેબલ્સ વગેરેની ખરીદી માટે વિક્રેતાઓ એટલે કે ફર્મો/ડિસ્ટ્રિબ્યુટર્સ/કેમિસ્ટ શોપ્સનું એમ્પેનલમેન્ટ તૈયાર કરવા માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. સંપૂર્ણ વિગતો માટે વેબસાઈટની મુલાકાત લો: www.wr.indianrailway.gov.in તથા www.ireps.gov.in મોબાઈલ નં.: 9724097520 ઈ-મેલ: drhmd.storebvp@gmail.com

BVP 119

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

રમેશભાઈ હરિભાઈ દુસરા,(ઉં.વ.૭૧) તે વિરલભાઈ રમેશભાઈ દુસરા , કેતનભાઈ રમેશભાઈ દુસરા, હિતેશભાઈ રમેશભાઈ દુસરા ના પિતા શ્રી નું તારીખ:૩૦/૮/૨૬ ને રવિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગત ની સાદડી તારીખ:૩/૯/૨૬ ને ગુરુવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી શ્રી મહાલક્ષ્મી મંદિર ગાંધીચોક સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## CHANGE OF NAME

I, the undersigned, FARIDABANUBAI, have requested a change in my deceased mother's name from LALANI SHERBANUBEN ADAMBHAI to SERBANUBAI. Henceforth, she shall be known as SERBANUBAI.
Sd/-FARIDABANUBAI
Address: JAFAR JAMADAR STREET, NR. OLD SUB JAIL, KASBAVAD, AT-AMRELI - 365601, GUJARAT, INDIA.

## CHANGE OF NAME

I, the undersigned, FARIDABANUBAI, have requested a change in my deceased father's name from LALANI ADAMBHAI JUMABHAI to ADAMO JUMA. Henceforth, he shall be known as ADAMO JUMA.
Sd/-FARIDABANUBAI
Address: JAFAR JAMADAR STREET, NR. OLD SUB JAIL, KASBAVAD, AT-AMRELI - 365601, GUJARAT, INDIA.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર દિશાસૂચક બોર્ડ અને સિગ્નલ લાઈટ બંધ થતાં હાલાકી

ઉના,તા.૦૨



ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા ઉના તાલુકાના કાણકબરડા ગામના પાટિયે દિશાસૂચક બોર્ડનો અભાવ અને બંધ પડેલી ટ્રાફિક સિગ્નલ લાઈટોના કારણે વાહનચાલકો તથા સ્થાનિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઉના તરફથી આવતા વાહનો મુખ્ય બોર્ડ ન હોવાને લીધે આગળ નીકળી જતાં સમય અને ઈંધણનો વ્યય થાય છે. તંત્રની બેદરકારીને લીધે આ વળાંક પર અકસ્માતનો તોળાતો ભય સતત રહે છે. ઘણા સમયથી તૂટેલી સિગ્નલ લાઈટ રીપેર ન થવાથી અને રાત્રિના સમયે ભારે અંધારપટ રહેતો હોવાથી વાહનો વળતી વખતે અકસ્માત સર્જાવાની શક્યતા વધી જાય છે. સ્થાનિક ગ્રામજનોએ આ માર્ગ પર તાત્કાલિક કાણકબરડાનું મોટું દિશાસૂચક બોર્ડ મૂકવા તેમજ નવી ટ્રાફિક સિગ્નલ લાઈટ અને સ્ટ્રીટ લાઈટો કાર્યરત કરવાની કડક માંગ કરી છે, અન્યથા આગળ ઉગ્ર રજૂઆતો કરવાની ચીમકી આપી છે.

# બિહારમાં દારૂમાં ઝેર ભેળવી ચાર યુવાનોની હત્યા, પ્રેમસંબંધની અદાવતમાં કાવતરાની શંકા

પટણા, તા.૦૨

બિહારની રાજધાની પટણામાં દારૂમાં ઝેર ભેળવી ચાર યુવાનોની હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ૩૦ ઓગસ્ટે બારહ પોલીસ સ્ટેશન વિસ્તારના બેધના ગામમાં બનેલી આ ઘટનાનો પોલીસે ૪૮ કલાકમાં ભેદ ઉકેલી મુખ્ય કાવતરાખોર સહિત બે આરોપીની ધરપકડ કરી છે, જ્યારે એક સગીરની અટકાયત



કરવામાં આવી છે.

ગ્રામીણ પોલીસ અધિક્ષક કુંદન કુમારે જણાવ્યું કે ચારેય યુવાનો દારૂ પીધા બાદ શંકાસ્પદ હાલતમાં બીમાર પડ્યા હતા અને બાદમાં તેમનાં મોત થયાં હતાં. તપાસ દરમિયાન મુખ્ય આરોપી લાલી કુમારે કબૂલ્યું કે તેણે ચારેયને દારૂ પીવા બોલાવી તેમાં બજારમાંથી લાવેલું ઝેર ભેળવ્યું હતું. દારૂ અને મૃતકોના વિસેરાના નમૂના તપાસ માટે મોકલાયા છે.

પોલીસ તપાસમાં મૃતક નિશુ કુમારનું લાલીની બહેન સાથે અઢી વર્ષથી પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું છે. આ બાબતે બંને વચ્ચે અદાવત હતી. પોલીસે ઝેરની વ્યવસ્થા કરનાર શાકભાજી વિક્રેતા રૂદલ કુમારની પણ ધરપકડ કરી છે. કેસની વધુ તપાસ ચાલુ છે.

# નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓ બનશે

લખનૌ, તા.૦૨

અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની પ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) તરીકે સર્વાનુમતે પસંદગી કરી છે. બુધવારે અયોધ્યામાં મળેલી ટ્રસ્ટની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. જિતેન્દ્ર મિશ્રા ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નિવૃત્ત થયા હતા. તેઓ પશ્ચિમ વાયુસેના કમાન્ડના વડા રહી



ચૂક્યા છે અને કારગિલ યુધ્ધ તથા ઓપરેશન સિંદૂરમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમને ઉત્તમ યુધ્ધ સેવા મેડલ પણ મળ્યો છે.

બેઠકમાં અયોધ્યાના મદન મોહન પાંડે, દિલ્હીના મહેશ ભાગચંદકા અને નિર્મલા યાદવને નવા ટ્રસ્ટી બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. સીઈઓની પસંદગી માટે રચાયેલી ત્રણ સભ્યોની સમિતિને ૫,૫૦૦થી વધુ અરજીઓ મળી હતી. અનેક તબક્કાની પ્રક્રિયા બાદ ત્રણ ઉમેદવારોને અંતિમ રીતે શોર્ટલિસ્ટ કરાયા હતા.

દરમિયાન, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મંદિરના દાન સંબંધિત અગાઉના વિવાદોનો ઉલ્લેખ કરી ટ્રસ્ટની નવી વ્યવસ્થા અંગે સવાલો ઉઠાવ્યા હતા.

# ભાજપ શાસિત ભારતમાં ગાયનું રક્ષણ મહિલાઓની સુરક્ષા કરતાં વધુ : મુફ્તી

શ્રીનગર, તા.૦૨

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ દેશમાં મહિલાઓ સામે વધતી જાતીય હિંસાની ઘટનાઓને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર પોસ્ટ કરીને આક્ષેપ કર્યો કે ભાજપ શાસિત ભારતમાં ગાયના રક્ષણને મહિલાઓની સુરક્ષા કરતાં વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. મહેબૂબા મુફ્તીએ જણાવ્યું કે ગૌહત્યાની શંકા માત્રથી ટોળાં દ્વારા લોકો પર હુમલા કરવામાં આવ્યા છે, જ્યારે મહિલાઓને બળાત્કાર અને જાતીય હિંસાથી બચાવવાના મામલે આરોપીઓને વારંવાર રાહત મળતી હોવાના આક્ષેપો થાય છે. તેમણે કહ્યું કે ગાયના રક્ષણ પાછળ ખર્ચાતી શક્તિનો એક ભાગ પણ મહિલાઓની સુરક્ષા માટે વપરાય તો દેશ મહિલાઓ માટે વધુ સુરક્ષિત બની શકે.

# સરકારી વિભાગો સામે ભ્રષ્ટાચારની ૭૦,૫૮૪ ફરિયાદો, બેંકો અને રેલવે સામે સૌથી વધુ

નવી દિલ્હી, તા.૦૨

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના વાર્ષિક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન સરકારી સંસ્થાઓ સામે ભ્રષ્ટાચાર સંબંધિત કુલ ૭૦,૫૮૪ ફરિયાદો મળી હતી. તેમાંથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ૬૪,૯૦૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે ૫,૬૭૯ ફરિયાદો તપાસ અથવા કાર્યવાહી માટે પેન્ડિંગ





રહી હતી. તેમાં ૨,૦૦૨ ફરિયાદો ત્રણ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતી. અહેવાલ મુજબ બેંકો સામે સૌથી વધુ ૯,૯૩૩ ફરિયાદો મળી હતી. તેમાંથી ૯,૫૨૦ ફરિયાદોનો નિકાલ થયો હતો, જ્યારે ૪૧૩ ફરિયાદો પેન્ડિંગ હતી. રેલવે સામે ૯,૩૮૧ ફરિયાદો મળી હતી, જેમાંથી ૮,૭૫૪નો નિકાલ થયો હતો અને ૬૨૭ પેન્ડિંગ રહી હતી. હાઉસિંગ અને શહેરી બાબતો સંબંધિત ૬,૫૩૧ ફરિયાદો, સ્થાનિક સંસ્થાઓ સામે ૪,૮૩૪ અને કોલસા ક્ષેત્ર અંગે ૪,૧૧૮ ફરિયાદો મળી હતી. આ ઉપરાંત નાણાં ક્ષેત્ર સામે ૩,૧૦૭, દિલ્હી સરકાર સામે ૨,૮૦૪, પેટ્રોલિયમ મંત્રાલય સામે ૨,૭૨૨ અને દિલ્હી પોલીસ સામે ૨,૬૩૩ ફરિયાદો નોંધાઈ હતી.

# ઝારખંડના ધારાસભ્ય જયરામ મહતોને આગોતરા જામીનમાં કોઈ રાહત નહીં

રાંચી, તા.૦૨

ઝારખંડના ડુમરીના ધારાસભ્ય જયરામ મહતોને આગોતરા જામીનના મામલે મંગળવારે ધનબાદની સાંસદ-ધારાસભ્ય કોર્ટમાંથી કોઈ રાહત મળી નથી. બરવાડા પોલીસ સ્ટેશન કેસ નંબર ૧૪૬/૨૬માં મહતો સહિત અન્ય આરોપીઓની આગોતરા જામીન અરજી પર સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સ્પેશિયલ જજ દુર્ગેશ ચંદ્ર અવસ્થીએ પોલીસ પાસેથી કેસ ડાયરી મંગાવી છે. હવે આગામી સુનાવણી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થશે. આ કેસમાં સુશીલ મંડલ, મહેન્દ્ર સો અને રાજકુમાર મંડલે પણ આગોતરા જામીન માટે અરજી કરી છે. બચાવ પક્ષે આરોપીઓ સામે બળજબરીથી કાર્યવાહી પર રોક લગાવવાની માગ કરી હતી, જ્યારે સરકારી વકીલે તેનો વિરોધ કર્યો હતો. કેસની તપાસ ચાલુ છે.

# આંધ્રપ્રદેશમાં ૫,૦૦૦ નવા મંદિરો બનશે, ચંદ્રાબાબુએ ઝડપી કામ કરવા નિર્દેશ આપ્યો

હૈદરાબાદ, તા.૦૨

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ રાજ્યભરમાં પ્રસ્તાવિત ૫,૦૦૦ નવા મંદિરોના બાંધકામને ઝડપી બનાવવા અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. તેમણે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) અને એન્ડોમેન્ટ્સ વિભાગને શક્ય તેટલી વહેલી તકે સ્થળો નક્કી કરી બાંધકામ શરૂ કરવા જણાવ્યું



હતું. સમીક્ષા બેઠકમાં ટીટીડીના કાર્યકારી અધિકારી મુદ્દાડા રવિચંદ્રાએ જણાવ્યું કે રાજ્યના ૨૮ જિલ્લાઓના ૧૬૧ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૪,૧૯૨ મંદિરો માટે દરખાસ્તો મળી છે, જ્યારે ૯૬૭ મંદિરોનું બાંધકામ પૂર્ણ થયું છે. મંદિરોનું નિર્માણ અનુસૂચિત જાતિ-જનજાતિ, માછીમાર, નબળા વર્ગની વસાહતો તેમજ સામાન્ય વિસ્તારોમાં કરવામાં આવશે. નાયડુએ શ્રીવાણી ટ્રસ્ટના ભંડોળનો ઉપયોગ મંદિર નિર્માણ અને ધાર્મિક કાર્યક્રમો માટે કરવા સૂચન કર્યું. તેમણે નવા મંદિરોમાં શ્રીવારી સેવા સ્વયંસેવકોની સેવાઓનો ઉપયોગ કરવા તેમજ પૂજારીઓ માટે વિશેષ તાલીમની વ્યવસ્થા કરવા જણાવ્યું.

# બીસીઆઈના મહત્વપૂર્ણ નિર્ણયોમાં એટર્ની જનરલ અને સોલિસિટર જનરલને સામેલ કરવાનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

નવી દિલ્હી, તા.૦૨

સુપ્રીમ કોર્ટે બુધવારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઇ)ની કામગીરી અંગે મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે નવી ચૂંટાયેલી બીસીઆઈની રચના થાય ત્યાં સુધી બીસીઆઈના તમામ મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો એટર્ની જનરલ આર. વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર



મહેતાને રજૂ કરવામાં આવે તથા તેમને સંબંધિત બેઠકોમાં આમંત્રિત કરવામાં આવે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જાયમલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનની બેન્ચે રાજ્ય બાર કાઉન્સિલોને નવી રચનાની સૂચના મળ્યાના બે અઠવાડિયામાં બીસીઆઈ માટે તેમના પ્રતિનિધિઓની પસંદગી કરવાનો નિર્દેશ આપ્યો છે. તમામ રાજ્ય બાર કાઉન્સિલોએ અનુપાલન અહેવાલ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવાનો રહેશે. કેસમાં બીસીઆઈના અધ્યક્ષ મનન કુમાર મિશ્રાના કાર્યકાળને પાંચ વર્ષ સુધી લંબાવવાના નોટિફિકેશનને પણ પડકારવામાં આવ્યું છે.

# એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા વચ્ચે દિલ્હી રવાના, કેબિનેટ બેઠકમાં રહ્યા ગેરહાજર

મુંબઈ, તા.૦૨

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેના (શિંદે જૂથ)ના નેતા એકનાથ શિંદે આજે દિલ્હીની મુલાકાતે ગયા હતા. તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં હાજર રહ્યા ન હતા. શિંદેની ગેરહાજરી અને અચાનક દિલ્હી પ્રવાસને કારણે રાજકીય



વર્તુળોમાં તેમની નારાજગી અંગે અટકળો શરૂ થઈ હતી. જોકે, શિંદેએ આ અહેવાલોને ફગાવી દીધા હતા. તેમણે જણાવ્યું કે દિલ્હીમાં અન્ય રાજ્યોના શિવસેના નેતાઓ સાથે બેઠક ઉપરાંત ચૂંટણી પ્રતીક અને શિવસેના પરના દાવા અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસને લઈને વકીલો સાથે મુલાકાત કરવાની હતી. ભાજપે પણ નારાજગીના અહેવાલોને નકારી કાઢી, શિંદેના પૂર્વનિર્ધારિત કાર્યક્રમો હોવાનું જણાવ્યું છે.

# યોગી સરકારે સાડા ત્રણ લાખ આઉટસોર્સ્ડ કર્મચારીઓને પગાર વધારાની આપી ભેટ

લખનૌ, તા.૦૨

ઉત્તર પ્રદેશની યોગી સરકારે રાજ્યના સાડા ત્રણ લાખ આઉટસોર્સ્ડ કર્મચારીઓના પગારમાં રૂ. ૭ હજાર સુધીનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકભવન ખાતે ઉત્તર પ્રદેશ આઉટસોર્સ્ડ સર્વિસીસ કોર્પોરેશનની વેબસાઈટ, લોગો અને પોર્ટલ લોન્ચ કર્યા હતા. કર્મચારીઓને રૂ. ૫૦ લાખ સુધીનું વીમા કવર, રૂ. ૫ લાખની કટોકટી તબીબી સહાય અને રૂ. ૧૦ લાખની એર એમ્બ્યુલન્સ સહાય પણ મળશે. નવી ડિજિટલ વ્યવસ્થા હેઠળ આઉટસોર્સ્ડ કર્મચારીઓની ભરતી, જમાવટ, હાજરી, પગાર અને સેવા રેકોર્ડની માહિતી એક જ પોર્ટલ પર ઉપલબ્ધ થશે. આથી કર્મચારીઓના રેકોર્ડ અને ચુકવણી પ્રક્રિયાનું સરળતાથી નિરીક્ષણ કરી શકાશે. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ હાજર રહ્યા હતા.

# ભાજપનો મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને ગાંદરબલથી ફરી ચૂંટણી લડવાનો પડકાર

શ્રીનગર, તા.૦૨

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ સરકાર સામે ભાજપે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષના નેતા સુનીલ શર્માએ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને ગાંદરબલ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપી રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાના મુદ્દે ફરી ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો હતો.



શ્રીનગરના લાલ ચોક ખાતે ભાજપના નેતાઓ અને કાર્યકરોએ સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શર્માએ સરકાર પર પાણીની અછત, હોસ્પિટલો અને શાળાઓની કથિત અવ્યવસ્થા, ભ્રષ્ટાચાર તથા વીજળીના દરમાં વધારા સહિતના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ૨૫ હજાર નોકરીઓ આઉટસોર્સ કરવાનો પણ સરકાર પર આરોપ લગાવ્યો હતો.

# અસદના શાસનમાં સીરિયામાં પરમાણુ રિએક્ટરનું નિર્માણ થઈ રહ્યું હતું: યુએન રિપોર્ટ

સીરિયા, તા.૦૨

બશર અલ-અસદના શાસનકાળ દરમિયાન સીરિયા પરમાણુ કાર્યક્રમ ચલાવી રહ્યું હોવાનો ખુલાસો યુએનના અહેવાલમાં થયો છે. આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (આઈએઈએ)ના નિરીક્ષણ બાદ સામે આવ્યું છે કે પૂર્વી સીરિયાના દેઈર અલ-ઝોરમાં પરમાણુ રિએક્ટર સહિત કેટલીક અઘોષિત પરમાણુ સુવિધાઓ હતી. અહેવાલ મુજબ, સીરિયાએ



પરમાણુ સામગ્રી, પ્રવૃત્તિઓ અને સુવિધાઓ અંગે પરમાણુ અપ્રસાર સંધિ (એનપીટી) હેઠળ જરૂરી માહિતી આપી નહોતી.

આ કાર્યક્રમમાં રિએક્ટર ઉપરાંત ઈંધણ ઉત્પાદન અને સંગ્રહ સાથે જોડાયેલી સાઈટ્સનો પણ સમાવેશ થતો હતો. દેઈર અલ-ઝોરની સુવિધા અંગે ૨૦૦૭માં ઈઝરાયલે હવાઈ હુમલો કર્યો હતો. ત્યારબાદ સ્થળને સમતળ કરી દેવામાં આવ્યું હતું. અસદ સત્તા પરથી હટ્યા બાદ નવી સીરિયન સરકારે આઈએઈએ નિરીક્ષકોને શંકાસ્પદ સ્થળોની મુલાકાતની મંજૂરી આપી હતી. દરમિયાન, નવી સરકાર નાગરિક પરમાણુ ઊર્જા કાર્યક્રમ વિકસાવવામાં રસ ધરાવે છે. આઈએઈએના અહેવાલથી સીરિયાના ભૂતપૂર્વ પરમાણુ કાર્યક્રમ અંગેની લાંબા સમયથી ચાલતી શંકાઓને વધુ વેગ મળ્યો છે.

# ઈરાનમાં લગ્ન સમારંભ પર અમેરિકાનો હુમલો, ચાર વર્ષના બાળક સહિત પાંચનાં મોત

તેહરાન, તા.૦૨

ઈરાનના સિરિક વિસ્તારમાં લગ્ન સમારંભ દરમિયાન થયેલા અમેરિકન હવાઈ હુમલામાં ચાર વર્ષના બાળક સહિત ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે. ઈરાની અધિકારીઓ અને રાજ્ય મીડિયાના જણાવ્યા મુજબ, હુમલામાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક બનેલી આ ઘટનાને ઈરાની



અધિકારીઓએ યુધ્ધ દરમિયાન નાગરિકોને અસર કરતી ગંભીર ઘટનાઓમાંની એક ગણાવી છે. ઈરાનના વિદેશ મંત્રાલયે ઘટનાની નિંદા કરતાં મીનાબમાં શાળા પર થયેલા અગાઉના હુમલાનો ઉલ્લેખ કર્યો હતો. ઈરાની અધિકારીઓના જણાવ્યા મુજબ, તે હુમલામાં ૧૬૦ લોકોનાં મોત થયાં હતાં. જોકે, અમેરિકન સંરક્ષણ વિભાગે આ અંગે સત્તાવાર નિષ્કર્ષ જાહેર કર્યો નથી. આ દરમિયાન અમેરિકન સૈન્યએ ચાબહાર અને કેશ્મ ટાપુ સહિત ઈરાનના અનેક સ્થળોને નિશાન બનાવ્યાં હોવાનો અહેવાલ છે. હુમલામાં હવાઈ સંરક્ષણ પ્રણાલી, રડાર, દરિયાઈ સંસાધનો અને સંદેશાવ્યવહાર સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હોવાનું જણાવાયું છે. નાગરિકોના મોતથી યુધ્ધની માનવતાવાદી અસર અંગે ચિંતા વધી છે.

# અમરેલીના પીપળલગ ગામે તળાવમાં ડૂબી જતા બે સગા ભાઈઓના મોત

**માતા-પિતા મજૂરીએ ગયા હતા ત્યારે ૧૨ વર્ષીય સંજય અને ૧૦ વર્ષીય પ્રિન્સ નાહવા ગયા હતા; ૩૦ મિનિટની શોધખોળ બાદ બંનેના મૃતદેહ મળ્યા**



અમરેલી,તા.૦૨

અમરેલી તાલુકાના પીપળલગ ગામમાં અત્યંત દુ:ખદ ઘટના સામે આવી છે. ગઈકાલે સાંજના સમયે તળાવમાં નાહવા ગયેલા બે સગા ભાઈઓ પાણીમાં ડૂબી જતા બંનેના કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટનાથી પરિવારજનોમાં ભારે શોક છવાઈ ગયો છે તેમજ સમગ્ર પીપળલગ ગામમાં ગમગીનીનો માહોલ જોવા મળી રહ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, બાળકોના માતા-પિતા મજૂરી કામ માટે બહાર ગયા હતા. તે દરમિયાન ૧૨ વર્ષીય સંજય ભાસ્કર અને ૧૦ વર્ષીય પ્રિન્સ ભાસ્કર નામના બંને સગા ભાઈઓ ઘરે કોઈને જાણ કર્યા વગર નજીકના તળાવમાં નાહવા માટે ગયા હતા. નાહતા નાહતા બંને બાળકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ ગામમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની માહિતી મળતાં અમરેલી તાલુકા પોલીસ તેમજ ફાયર ઈમરજન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને બાળકોની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાત્રે ટીમે આશરે ૩૦ મિનિટ સુધી શોધખોળ કર્યા બાદ બંને બાળકોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢ્યા હતા. ત્યારબાદ મૃતદેહોને હોસ્પિટલ ખાતે ખસેડી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બે માસૂમ બાળકોના એકસાથે મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છઠ્ઠના તહેવારના દિવસે બંને બાળકોની અંતિમક્રિયા કરવામાં આવતા સમગ્ર ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

# રાજકોટ શહેરમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ

રાજકોટ,તા.૦૨



રાજકોટ શહેરના પોશ વિસ્તાર અમીન માર્ગ પર રાધે વન કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ચાલતા 'ધ મૂન લાઈટ સ્પા'માં માલવિયાનગર પોલીસે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યો હતો. બોડી મસાજના બહાને ચાલતા ગેરકાયદે દેહવ્યાપારનો પર્દાફાશ કરી પોલીસે એક મહિલા ટેલિકોલરની ધરપકડ કરી હતી અને પાંચ યુવતીઓને મુક્ત કરાવી હતી. પોલીસે સ્પાના સંચાલકની શોધખોળ શરૂ કરી છે. તપાસમાં ગ્રાહકો પાસેથી રૂ. ૧૦૦૦ એન્ટ્રી ફી લેવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ એક્સ્ટ્રા સર્વિસના નામે રૂ. ૪૦૦૦ લેવામાં આવતા હતા, જેમાંથી રૂ. ૩૦૦૦ સ્પા સંચાલક કમિશન તરીકે રાખતો અને રૂ. ૧૦૦૦ યુવતીઓને આપવામાં આવતા હોવાનું જાણવા મળ્યું છે.

# આસારામે ગુજરાત હાઈકોર્ટ પાસે હંગામી જામીન માગ્યા

અમદાવાદ,તા.૦૨



દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા કાપી રહેલા આસારામે ખરાબ તબિયતનું કારણ ધરી સારવાર માટે ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન અરજી કરી છે. જોકે, જોધપુર જેલ ઓથોરિટીએ તેને ૨૦ દિવસના પેરોલ આપ્યા હતા, પરંતુ તે હાલ જોધપુર જેલમાં હોવાથી ગુજરાત જેલ ઓથોરિટીએ પેરોલ અરજી સ્વીકારવા ઈનકાર કર્યો હતો. આથી તેમણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. હાઈકોર્ટે જામીન આપવા અંગે સવાલ ઉઠાવતા મુખ્ય અપીલ પર વહેલી સુનાવણી હાથ ધરવા ટાંક્યું છે. તેમજ આવી સ્થિતિમાં જામીન માગી શકાય કે નહીં તે અંગે કાયદાકીય જોગવાઈઓ રજૂ કરવા વકીલને નિર્દેશ આપ્યો છે.

# નકલી દવાઓ અને ભેળસેળ સામે રાજ્યમાં 'ઝીરો ટોલરન્સ' નીતિ : ૫૦ પેઢીઓના પરવાના રદ

ગાંધીનગર,તા.૦૨



ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન કરાયેલી કાર્યવાહીની વિગતો આપાઈ હતી. રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા સામે 'ઝીરો ટોલરન્સ'નીતિ અપનાવીને ગંભીર ક્ષતિઓ ધરાવતી ૫૦ દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરાયા છે. આ ઉપરાંત ૨ દવા ઉત્પાદકોને ક્લોઝર ઓર્ડર, ૮ ના પરવાના સ્થગિત અને ૨૦ અપ્રમાણસર દવા ઉત્પાદકોને નોટિસ ફટકારાઈ છે. વડોદરાના વાઘોડિયાથી ગેરકાયદેસર નશાકારક ઈન્જેક્શન જપ્ત કરી એનડીપીએસ હેઠળ કાર્યવાહી કરાઈ છે. તંત્રે અમદાવાદ અને અન્ય વિસ્તારોમાંથી ગેરકાયદે કોસ્મેટિક્સ અને નકલી દવાઓ ઝડપી પાડી છે. તહેવારોને ધ્યાને રાખી રૂ. ૯૩ લાખથી વધુનો શંકાસ્પદ ખાદ્યજથ્થો જપ્ત કરી ૩૮ એકમોના લાયસન્સ રદ કરાયા છે.

# અમદાવાદમાં મોડી રાત સુધીના અવાજ પ્રદૂષણથી નાગરિકો પરેશાન, ફરિયાદનો ધોધ

અમદાવાદ,તા.૦૨

અમદાવાદમાં મોડી રાત સુધી ચાલતા ઘોંઘાટને કારણે રહેવાસીઓની મુશ્કેલીઓ વધી રહી છે. છેલ્લા ૧૦ મહિનામાં ઈમરજન્સી હેલ્પલાઈન ૧૧૨ પર અવાજ પ્રદૂષણ અંગે ૧૭,૦૫૦ ફરિયાદો નોંધાઈ છે, એટલે કે દરરોજ સરેરાશ ૫૫થી વધુ કોલ આવી રહ્યા છે. પશ્ચિમ વિસ્તારના સિંધુ ભવન રોડ, બોડકદેવ અને સેટેલાઈટમાં પાર્ટી પ્લોટ, ક્લબ અને ઓપન-એર કેફે તેમજ પૂર્વ વિસ્તારના બાપુનગર અને નિકોલમાં સરઘસ અને ઉત્સવોના અવાજથી લોકો પરેશાન છે. આ ઉપરાંત જીઆઈડીસી વિસ્તારોમાં મશીનરી અને વાહનોનો અવાજ ઊંઘમાં ખલેલ પહોંચાડે છે. નિયમ મુજબ રહેણાંક વિસ્તારમાં રાત્રે ૪૫ ડેસિબલ મર્યાદા હોવા છતાં તેનું પાલન થતું નથી, જેથી લોકો કડક અમલીકરણની માગ કરી રહ્યા છે.

# સ્પા કે કૂટણખાનામાંથી પકડાયેલા ગ્રાહક સામે કેસ ન કરી શકાય : ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

અમદાવાદ,તા.૦૨



ગુજરાત હાઈકોર્ટે સ્પા અને કૂટણખાના પર પોલીસ દરોડાના કિસ્સામાં મહત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, માત્ર હાજરીના આધારે પકડાયેલા ગ્રાહક સામે ગુનાહિત કેસ ચલાવી શકાય નહીં. હાઈકોર્ટે નોંધ્યું કે ગ્રાહક નાણાં ચૂકવીને પોતાની અંગત સેવા લેવા જાય છે; તે વેશ્યાવૃત્તિના વ્યવસાયથી કોઈ કમાણી કરતો નથી કે સંચાલન સાથે જોડાયેલો નથી. સુરતના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આવી જ એક એફઆઈઆર, ચાર્જશીટ અને ફોજદારી કાર્યવાહીને કોર્ટે રદ કરી છે. કાયદા મુજબ વેશ્યાગૃહ ચલાવવું, તેનાથી કમાણી કરવી કે મહિલાને આ ધંધામાં ધકેલવી એ ગુનો છે. આ કાયદો દલાલો અને સંચાલકો માટે છે, માત્ર ગ્રાહક તરીકે જનાર વ્યક્તિ સામે ગુનો બનતો નથી.

# રાજ્યમાં સાત દિવસ હળવા વરસાદની આગાહી, રાજુલામાં લાંબા વિરામ બાદ ઝાપટું

અમદાવાદ,તા.૦૨



ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગાહી મુજબ ઉત્તર અને દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. આજે ૨ સપ્ટેમ્બર અને આવતીકાલે ૩ સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ પડી શકે છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી છે. અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે હળવો વરસાદ પડી શકે છે. ૧ સપ્ટેમ્બરે શહેરનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુત્તમ ૨૬.૩ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ લાંબા વિરામ બાદ અમરેલી જિલ્લાના રાજુલામાં આજે સવારના સમયે વરસાદી ઝાપટું પડ્યું હતું. શહેરના કેટલાક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. લાંબા વિરામ બાદ વરસાદ થતાં ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# વડાપ્રધાન ડિગ્રી વિવાદમાં સિંગલ જજનો ૨૫ હજારનો દંડ રદ કરવા કેજરીવાલના વકીલની હાઈકોર્ટમાં દલીલ

અમદાવાદ,તા.૦૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી મામલે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સિંગલ જજ દ્વારા ફટકારેલા રૂ.૨૫ હજારના દંડ અને અવલોકનો રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરાઈ છે. સુનાવણી દરમિયાન સિનિયર એડવોકેટ ડૉ. અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે સિંગલ જજની ટિપ્પણીઓ અયોગ્ય અને કાયદાકીય આધાર વગરની છે. ડિગ્રી આજે પણ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ નથી. વધુમાં, કેજરીવાલે પોતે આરટીઆઈ કરી નહોતી કે તેઓ મૂળ અરજદાર નહોતા, પરંતુ માત્ર પ્રતિવાદી હતા. તેથી કેજરીવાલે કેસ આગળ ચલાવ્યો હોવાનું સિંગલ જજનું અવલોકન ખોટું છે. અરજદાર જ ન હોવા છતાં દંડ ફટકારવો અયોગ્ય છે. કેન્દ્ર સરકારે રજૂઆત માટે સમય માગતા હાઈકોર્ટે વધુ સુનાવણી આવતીકાલ પર મુલતવી રાખી છે.

**રેલ વિભાગને અંધારામાં રાખી કરાતી કાર્યવાહી**

# અમરેલી બ્રોડગેજ માટે ફરી પાટા બદલવાનું શરૂ થતા અનેક તર્ક-વિતર્ક

અમરેલી,તા.૦૨

અમરેલી શહેરને બ્રોડગેજ ટ્રેન મળવાની આશા વચ્ચે ફરી એકવાર ખીજડીયા નજીક પાટા ઉતારવાની કામગીરી કરવામાં આવી રહી હોવાની ચર્ચાએ લોકોમાં ભારે રોષ ફેલાવ્યો છે. અમરેલી શહેર અને જિલ્લામાં વર્ષોથી બ્રોડગેજ ટ્રેન શરૂ કરવાની લોકમાંગ કરવામાં આવી રહી હતી. આ માટે બ્રોડગેજના પાટા નાખવામાં આવ્યા હતા અને લાઈન પર સફળતાપૂર્વક ટ્રાયલ પણ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ટ્રાયલ સફળ થતાં અમરેલીવાસીઓમાં ટૂંક સમયમાં ટ્રેન સેવા શરૂ થવાની આશા જાગી હતી.

પરંતુ હવે ખીજડીયા નજીક બ્રોડગેજના પાટા ઉખેડવામાં આવી રહ્યા હોવાની માહિતી સામે આવી રહી છે. સાથે સાથે ખેડૂતોને ખેતરમાં જવા માટે જમીન સંપાદનની કામગીરી ફરી હાથ ધરવામાં આવી હોવાની પણ ચર્ચા છે. આ અંગે ભાવનગર રેલવે વિભાગના અધિકારીઓને પણ કોઈ સ્પષ્ટ જાણકારી ન હોવાનું સામે આવ્યું છે. ડીસીએમને પૂછપરછ કરતાં તેમણે પણ આ બાબતે જાણકારી ન હોવાનું જણાવ્યું હતુ.હાલ બ્રોડગેજ લાઈન પર ટ્રેન દોડવાની શરૂઆત થવાની આશા વચ્ચે પાટા શા માટે કાઢવામાં આવી રહ્યા છે તે બાબતે લોકોમાં અનેક સવાલો ઉભા થયા છે. ફરી જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થતાં અમરેલીને બ્રોડગેજ ટ્રેન ક્યારે મળશે તે પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે અને રેલવે તંત્રની કામગીરી સામે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

**ફરી ખેડૂતોની જમીન સંપાદિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાની ચર્ચા**








